શ્રી હરિરાયજી કૃત

|| પ્રાતઃસ્મરણમ્ ||

લેખન - સંકલન

ડૉ. પીયૂષ પરીખ

(M.B;B.S)

પ્રકાશક :
આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ, ભરૂચ.
શ્રી ગોર્ધનનાથજીની હવેલી
૧૬-૧૭, ભૃગુપુર સોસાયટી, ભરૂચ, ગુજરાત.

લેખન તથા સંકલન : ડૉ. પીયૂષ પરીખ

પ્રથમ આવૃત્તિ : તા. ૩૧-૧૨-૨૦૧૬

પ્રત : ૫૦૦

ન્યોછાવર : ૧૦/- (પોસ્ટેજ ખર્ચ અલગ)

પ્રાપ્તિસ્થાન :
રૂણાબેન આર. મહેતા
મો.: ૯૦૧૬૧૧૬૩૫૭

મુદ્રક :
શ્રીજી ગ્રાફીક્સ
રાકેશ આર. મસાણી
એ-૧/૩, પટેલ સુપર માર્કેટ,
સ્ટેશન રોડ, ભરૂચ.
મો. : ૯૬૬૨૦૨૧૯૭૩



|| Shri Hari ||
|| Shri Dwarkesho Jayati ||

Goswami Vagishkumar
Yuvraj - Trutiya Peeth

Founder-President
Shree Vakpati Foundation

President
Shri Rajiv Lochan Memorial Trust
Shri Balkrishna Prabhu Krupa Foundation
Shri Vraj Vrajesh Foundation
Jan Kalyan Sahay Yojana
Shri Dwarkesh Vidhyapith
Vishwa Parabhakti Sansthan
Vallabhiya Global Awareness Movement
Sanskar Bodh

Vice Chancellor
Shri Vallabh Vidyapith
Shri Vitthlesh Vidyapith
Govind Swami Kirtan Sangeet Academy
Pushti Prabodh

Patron
Charanamrut Raspaan Bio-monthly
Shuddhadwait Pushtimargiya Pathshala

Chairman
Shri Vallabh Vaishnav Elite Forum

Vice-President
Shri Dwarkesh Sanskrit Maha Vidyalay

Chief Editor
Encyclopedia of Pushtimarg

Member
Indian History Congress
Maharana Mewar Foundation

Shri Bethak Mandir
Kevdabaug, Madanzampa Road,
VADODARA - 390 001.
Phone : 91-0265-2435543
Shri Dwarkadhish Mandir
Trutiya Pith Pranyas,
Palace Mandir Marg,
KANKROLI - 313 324. (Raj)
Phone : 91-02952-230001, 230256
Shri Rajadhiraj Mandir
Rajadhiraj Marg,
MATHURA - 281 001.
Phone : 91-0565-2406372
URL: www.vallabhkankroli.org
www.vallabhvidyapeeth.org

1/12/2017

પ.ભ. શ્રી મયુરભાઈ પરીખ
ભરૂચ.

પ્રભુચરણ શ્રી હરિરાયજી દ્વારા રચિત "પ્રાતઃસ્મરણમ્" ગ્રંથમાં આચાર્યશ્રી શ્રી ગુસાંઈજીનાં સ્તુતિ ગાન છે. આ પુસ્તકે આપના દ્વારા સુંદર [illegible] કરી વૈષ્ણવોને સમજાવવામાં સુંદર પ્રયત્ન કર્યો છે. મનુષ્યના જીવનના ચાર પુરુષાર્થો [illegible] દ્વારા સિદ્ધ કરી શકાય છે. આપનું આ સુંદર કાર્ય ધન્યવાદને પાત્ર છે.

શ્રી પ્રભુ આપના દ્વારા આવા ઉત્તમ સેવા નિરંતર કરાવતા રહે તેવી મંગલ કામના સાથે

ભવદીય,

શુભાશીર્વાદ

ગોસ્વામી વાગીશકુમાર

પ્રાક્કથન

શિક્ષા સાગર શ્રીહરિરાય ચરણોએ ઘણાં ગ્રંથોની રચના કરી છે. સ્તોત્રોની પણ રચના કરી છે. આ દ્વારા શ્રીવલ્લ, શ્રીવિઠ્ઠલ, પુષ્ટિસંપ્રદાય અને સાહિત્ય વિષે સુંદર, સહજ અને સરળ સમજ આપી છે. આ રીતે શ્રીવલ્લભની બંને સૃષ્ટિઓને કૃતાર્થ કરી છે.

''પ્રાતઃ સ્મરણમ્'' એક અદ્ભુત ગ્રંથ છે. શ્રીગુસાંઈજીની સ્તુતિ પણ છે. આપશ્રી આ દ્વારા વૈષ્ણવજનોને શ્રીવિઠ્ઠલનાથજીનું પ્રાતઃસ્મરણ કરવા શીખ આપે છે.

પ્રભુચરણ શ્રીવિઠ્ઠલનાથજીનું પ્રાતઃસ્મરણ કરવાથી જીવોના ધર્મ, અર્થ, કામ, મોક્ષ અને ભક્તિ આ પાંચ પુરુષાર્થો સિદ્ધ થાય છે. જીવના વિતર્ક-અજ્ઞાન, અપરાધ, સંસાર સંતાપ - શોક શાંત થાય છે. પ્રભુની પ્રસન્નતાનું સંપાદન થાય છે. જેવી પરમ ભક્તિ ભગવાનમાં તેવી ગુરુમાં જેને હોય તેને સઘળાં શાસ્ત્ર-સિદ્ધાન્ત રહસ્યો સ્વતઃ સ્ફુરે છે. શ્રીમહાપ્રભુજી-શ્રીગુસાંઈજી પિતા પુત્ર રૂપ જ નથી પણ સ્વયં એક રૂપ-ભગવદ્રુપ છે.

આ કૃતિના કુલ છ શ્લોકો છે. પ્રથમ પાંચ શ્લોકોમાં પ્રાતઃ સમયે ક્રમશઃ ભગવાન શ્રીવિઠ્ઠલનું સ્મરણ, મુરારિના પૂર્ણાવતારને નમન, અનંત શક્તિઓ વાળા શ્રીવિઠ્ઠલનું ભજન, નારાયણ સ્વરૂપ અને શિષ્યો સહિત બિરાજતા વિઠ્ઠલેશને નમન અને નરોત્તમ શ્રીવિઠ્ઠલનું કીર્તન કરવા રૂપ જ્ઞાન બોધ છે.

છઠ્ઠો શ્લોક ફલશ્રુતિનો છે. આ પાંચ શ્લોકોનો પાઠ સતત કરવાથી જીવને થતા ફલનું નિરૂપણ છે. આ લઘુગ્રંથ વૈષ્ણવ સમાજમાં જોઈએ તેટલો પ્રચલિત થયો લાગતો નથી. લંડન અને અમેરિકાના વૈષ્ણવ સત્સંગોમાં આ ગ્રંથ વિષેની જીજ્ઞાસા વૈષ્ણવોમાં હતી. આ વૈષ્ણવોની આડીથી અને શ્રીગુસાંઈજી તથા શ્રીહરિરાય ચરણોની કૃપાથી આ લેખન કાર્ય મારા ઘરના પ્રભુએ મારા દ્વારા શક્ય કર્યું છે.

પ.ભ. શ્રીનવનીતપ્રિય શાસ્ત્રીજી (નડિયાદ) તથા પ.ભ. શ્રીરમેશભાઈ પરીખ (મહેસાણા) સદાય મારી લેખન સેવામાં ધ્રુવ તારક થઈ બિરાજે છે. આપ બંનેનો સદૈવ ઋણી છું.

(શ્રીગુસાંઈજી પ્રાગટ્ય ઉત્સવ - સંવત ૨૦૭૪ માગસર વદ-૯, તા. ૧૧-૧૨-૨૦૧૭)

|| શ્રી વલ્લભ ||

ડૉ. પીયૂષ નંદલાલ પરીખ

જન્મભૂમિ : પાટણ (ઉ.ગુ.)

કર્મભૂમિ : ભરૂચ (દ.ગુ.)

માતાશ્રી : અ.સૌ. જસવિદ્યાબેન

પિતાશ્રી : શ્રી નંદલાલ પરીખ

અભ્યાસ : બી.એસ.સી., એમ.બી.બી.એસ.
શાસ્ત્રીય સંગીત (વોકલ) વિશારદ

બ્રહ્મસંબંધ : નિ.લિ. પ.પૂ. ગો. ૧૦૮ શ્રી વ્રજભૂષણલાલજી મહારાજશ્રી (કાંકરોલી નરેશ)

સંગીત શિક્ષા : સ્વ. શ્રી નગીનભાઈ જાદવ, શ્રી ચંપકભાઈ ગોઠી

વ્યવસાય :

- દોઢ વર્ષ જિલ્લા ક્ષયરોગ કેન્દ્ર, ભરૂચમાં મેડીકલ ઓફિસર
- છેલ્લા ૩૩ વર્ષથી પ્રાઈવેટ જનરલ મેડીકલ પ્રેક્ટીસ

સંસ્થાઓમાં સેવા :

- મેડીકલ એસોસીએશન ભરૂચ, જુનિયર ચેમ્બર ઈન્ટરનેશનલ ભરૂચ અને રોટરી ક્લબ ઓફ ભરૂચના પાસ્ટ પ્રેસીડન્ટ
- આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરીષદ, ગુજરાત શાખાના કારોબારી સભ્ય
- રોટરી ડાયગ્નોસ્ટીક સેન્ટરના ઓન. મેડીકલ એડવાઈઝર
- LRPC કમિટિ જુનિયર ચેમ્બર ભરૂચના ચેરમેન
- નગર શિક્ષણ સમિતિ ભરૂચના એક્સ મેમ્બર
- રેડક્રોસ સોસાયટીના સભ્ય

સાંપ્રદાયિક સેવા :

- ભરૂચમાં નિયમિત સત્સંગ કાર્યક્રમો

- દેશ-પરદેશમાં સત્સંગ અને કીર્તનના કાર્યક્રમો
- અમેરિકા, કેનેડા અને લંડનમાં ધર્મયાત્રાઓ
- શ્રીનાથદ્વારા તથા શ્રી કાંકરોલી મંદિરોમાં શ્રી આચાર્યોની કૃપાથી પ્રભુ સન્મુખ કીર્તન સેવા
- વૈષ્ણવ પરિવારમાં ઘણા સમયથી લેખન સેવા
- ચરણામૃત રસપાનનાં તંત્રી
- ભરૂચ ડીસ્ટ્રીક્ટ મેનેજમેન્ટ એસોસીએશન (BDMA)માં ‘‘કૃષ્ણ એઝ એ રોલ મોડલ ઈન મેનેજમેન્ટ’’ વિષય પર અગિયાર મહિના સુધી દર મહિને પ્રવચનની શૃંખલા
- પ.પૂ.ગો. શ્રી ૧૦૮ શ્રી ચંદ્રગોપાલજી મહારાજશ્રીના શિબિરમાં શિક્ષક તરીકે સેવા

અન્ય પ્રવૃત્તિ :

- બુક લવર્સ ભરૂચ મીટના સભ્ય, ક.મા. મુન્શીના ‘ભગવાન કૌટિલ્ય’ પુસ્તક પર પ્રેઝન્ટેશન
- બી.ડી.એમ.એ.માં શ્રી મહાપ્રભુજીના ‘‘વિવેક, ધૈર્ય, આશ્રય’’ પુસ્તક પર પ્રેઝન્ટેશન
- ઓમકારનાથ સંગીત મંડળ (ભરૂચ)ના સભ્ય. અહીં પ.પૂ. ૧૦૮ શ્રી ગોકુલોત્સવજી મહારાજશ્રીના સંગીત ગાનના કાર્યક્રમનું આયોજન કરાવ્યું

ઉપલબ્ધિ :

- વૈષ્ણવ પરિવાર દ્વારા ત્રણવાર સારસ્વત એવોર્ડ્સ
- અમેરિકાના ‘વ્રજ’ મંદિર દ્વારા ‘પુષ્ટિ પથ પ્રદર્શક એવોર્ડ’
- અમેરિકા ‘વલ્લભધામ’ કનેક્ટીકટ દ્વારા એવોર્ડ
- આં.રા.પુ.વૈ. પરિષદ અધિવેશનમાં પ.પૂ.ગો. શ્રી વાગીશકુમારજી મહોદય દ્વારા એવોર્ડ. ભરૂચ, રાજપીપળા તથા હાલોલ શાખા દ્વારા સન્માન

- રોટરીના આઉટસ્ટેન્ડીંગ પાસ્ટ પ્રેસીડેન્ટ ૨૦૧૨-૧૩નો એવોર્ડ (દેડીયાપાડના આદિવાસી વીસ્તારમાં મેડીકલ કેમ્પ દરમ્યાન ડૉક્ટર્સના તથા દવા ડીસ્પેન્સ કરવાના નેટવર્કની વ્યવસ્થા માટે)
- પૂ.પા.ગો. ૧૦૮ શ્રી કલ્યાણરાયજી મહારાજશ્રી (સુરત-પૂના-જેતપુર) દ્વારા આયોજીત નેશનલ કક્ષાની નિબંધ સ્પર્ધામાં દ્વિતીયક્રમના પુરસ્કારની પ્રાપ્તિ
- બાલ્યવસ્થામાં પાટણમાં સંગીત ગાન સ્પર્ધામાં પ્રથમ ક્રમથી મેડલની પ્રાપ્તિ
- શ્રી હરસાનીજી સાહિત્યકાર સન્માન એવોર્ડ પ્રાપ્ત કર્તા

ધન્યક્ષણો :

- નિ.લી.પ.પૂ. ગો. ૧૦૮ શ્રી વ્રજરત્નલાલજી મહારાજશ્રી (સુરત) ષષ્ઠપીઠાધીશ્વરના અધ્યક્ષ સ્થાને સુરતમાં 'શ્રીપુરુષોત્તમજી લેખવાલા' પર મારું પ્રવચન. આ પ્રથમ સત્સંગ.
- પ.પૂ. ગો. ૧૦૮ શ્રી વ્રજેશકુમારજી (તૃતિય ગહાધીશ)ના જન્મદિને આપશ્રીની અધ્યક્ષતામાં 'ગુરુભક્તિ' પર પ્રવચન.
- નિ.લી.પ.પૂ. ગો. શ્રી દાઉજી મહારાજ (તિલકાયશ્રી), નિ.લી. પ.પૂ. ગો. શ્રી વ્રજજીવનલાલજી મહારાજશ્રી (મુંબઈ), નિ.લી. પ.પૂ. ગો. શ્રી નૃત્યગોપાલજી મહારાજશ્રી, પ.પૂ.ગો. ૧૦૮ શ્રી કલ્યાણરાયજી મહારાજશ્રી (સુરત) તથા પ.પૂ.ગો. ૧૦૮ શ્રી વ્રજેશકુમારજી મહારાજશ્રી તથા ગો. શ્રી વાગીશકુમારજી સન્મુખ કીર્તન ગાન.

  તિલકાયતશ્રી પ.પૂ. ગો. ૧૦૮ શ્રી રાકેશકુમારજીના સન્મુખ કિર્તનગાનની સેવા.

  પષ્ઠપીઠાધિશ ગો. ૧૦૮ શ્રી દ્વારકેશલાલજી મહારાજશ્રીની અધ્યક્ષતામાં યમુનાષ્ટકમ્ અને ભક્તિયોગ ઉપર શિબિર.

  પંચમ પીઠાધિશ ગો. ૧૦૮ શ્રી વલ્લભલાલજી મહારાજશ્રીની અધક્ષતામાં પુસ્તક વિમોચન પ્રસંગે પ્રવચન.

  અમેરીકા વ્રજમંદિરમાં અનંતશ્રીવિભૂષીત પ.પૂ. ગો. ૧૦૮ શ્રી મથુરેશ્વરજી

મહારાજશ્રી, પ.પૂ. જીજી અને પ.પૂ. ગો. ૧૦૮ શ્રી દ્વારકેશલાલજી મહારાજ (કાંદીવલી-ચંપારણ)ની અધ્યક્ષતામાં વૈષ્ણવી ચળવળ વિશે પ્રવચન.

પ.પૂ. ગો. શ્રી રાજેશકુમારજી મહારાજશ્રી (કડી-અમદાવાદ)ના સાનિધ્યમાં શ્રીસુબોધીનીજીની કારીકાઓનું અવગાહન.

ગો. ૧૦૮ શ્રી દ્વારકેશલાલજી મહોદય (કડી-અમદાવાદ)ની ઉપસ્થિતિમાં શ્રીભાગવતનો સત્સંગ.

પ.પૂ. ગો. ૧૦૮ શ્રી કુંજેશબાવાશ્રીની અધ્યક્ષતામાં વૈષ્ણવ પરિષદ વિશે પ્રવચન.

લખાયેલા પુસ્તકો :

(૧) શ્રી ગોપીનાથજી (૨) શ્રી પુરુષોત્તમજી લેખવાલા

(૩) વિવેક ધૈર્યાશ્રય - ૪૦૦૦૦થી વધુ દેશ વિદેશના વૈષ્ણવોના ઘરમાં આ પુસ્તક છે.

(૪) કૃષ્ણાશ્રય (૫) સંપ્રદાય અને અધિકાર

(૬) રસોવૈસઃ (૭) ભક્તિવર્ધિની

(૮) અચ મન કરલે સહન (સૂરદાસજી).

(૯) શ્રી ભાગવતાર્થ પ્રકરણ સ્કન્ધ-૧ (હરસાનીજી ટ્રસ્ટ દ્વારા પ્રકાશન)

(૧૦) આર્તિ માટે આરતી - આં.રા.પુ.વૈ. પરિષદ દ્વારા પ્રકાશિત.
(પ.ભ. શ્રી વસંતબેનનો અભિપ્રાય - ''આ પ્રકારનું કદાચ આ પ્રથમ પુસ્તક સંપ્રદાયમાં છે.''

(૧૧) ધન્ય ભાગ્ય જેને વ્રજમંડલ જોયું - દયારામભાઈના પદનું વિવેચન

(૧૨) શ્રીગુસાંઈજી પ્રકટ્યા ન હોત તો ? - શ્રીગુસાંઈજીની વધાઈ પર વિવેચન

(૧૩) શોભા સલુણા શ્યામની પુસ્તકમાં લીલાના ચિત્રોનું વિવરણ અને લેખન

(૧૪) શ્રીગિરિરાજધાર્યાષ્ટકમ્

(૧૫) પંચગીત

(૧૬) સિદ્ધાંત મુક્તાવલી

(૧૭) ''પ્રાતઃસ્મરણમ્''

ઋણ સ્વીકાર

આ પુસ્તક માટે કાંકરોલી યુવરાજ પ.પૂ. ગો. ૧૦૮ ડૉ. શ્રીવાગીશકુમારજી મહોદયશ્રી દ્વારા સુંદર આશીર્વચન પ્રાપ્ત થયા તે મારા આ લેખન માટે મોરપીચ્છ સમાન છે. આ કૃપા આશીર્વાદ માટે હું આપશ્રીનો ઋણી છું.

કેનેડા સ્થિત ભાઈ ગિરિશને પુષ્ટિમાર્ગીય વાङ्‌મયમાં ખૂબ જ રૂચી છે. શ્રીમહાપ્રભુજીનો આ અનુગ્રહ છે.

આ પુસ્તક પ્રકાશન તેના દાદા તથા તેની ધર્મ પત્નીને આપેલ સ્મરણાંજલિ રૂપ છે.

અંતઃકરણપૂર્વક તેનો આભારી છું.

સૌ. વર્ષ આ મારી નામ સેવામાં ખૂબ જ અનુકૂળ તથા મદદરૂપ થઈ છે. તેની પણ અહીં નોંધ લઉં છું.

ભાઈ રાકેશ યુવાનવયમાં પણ શ્રીમહાપ્રભુજી તથા આપના ગ્રંથોમાં રૂચી ધરાવે છે. આ પુસ્તકનું ગ્રાફીક્સ તથા છાપકામ તેણે દર વખતની જેમ સુંદર રીતે પાર પાડયું છે. તેનો આભારી છું.

બેન રૂણા બહારગામના વૈષ્ણવોને પુસ્તકો તરત મળે તે માટે સુંદર સેવા કરે છે તેનો આભાર માનું છું.

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ, ભરૂચ શાખા માર્ગીય તેમજ સામાજિક સેવા કાર્યો સદાય કરે છે. આ સર્વ સેવામાં તેના તમામ સભ્યો સદા અગ્રેસર રહે છે તેનો પણ આભારી છું.

- ડૉ. પીયૂષના વંદન તથા
ભગવદ્ સ્મરણ

પ્રાતઃસ્મરણમ્

(વસંત તિલકા છંદ)

પ્રાતઃસ્મરેદ્ ભગવતો વર વિઠ્ઠલસ્ય
પાદારવિંદયુગલં સકલાર્થ સિદ્ધયૈ
યો વૈ વિતર્કતમસા પિહિતં સ્વભક્તં
પ્રીતઃ શમાદિવપુરોદિત તિગ્મરશ્મિઃ (પ્રકાશમકરોદિવ) ।।૧।।

પ્રાતઃ - પ્રાતઃ કાળમાં; સ્મરેત્ - સ્મરે; ભગવતઃ - ભગવાન્; વરવિઠ્ઠલસ્ય - ઉત્તમ શ્રીવિઠ્ઠલનાથજીના; પાદારવિંદયુગલં - ચરણ કમલ યુગલને; સકલાર્થસિદ્ધયૈ - સકલ પદાર્થોની સિદ્ધિ માટે; યઃ - જેણે; વૈ - નિશ્ચિતપણે; વિતર્કતમસા - વિપરીત તર્કરૂપ અંધકાર વડે; પિહિતં - ઢંકાયેલ; સ્વભક્તં - પોતાના ભક્તને; પ્રીતઃ - પ્રસન્ન થયેલા; પ્રકાશં - પ્રકાશ; અકરોત્ - કર્યો; ઈવ - ની જેમ; તિગ્મરશ્મિઃ - સૂર્ય.

ભાવાર્થ : સકલ પદાર્થોની સિદ્ધિ માટે ભગવાન શ્રીવિઠ્ઠલવરના ચરણ કમલ યુગલને પ્રાતઃકાળમાં સ્મરે, પોતાના ભક્ત પર પ્રસન્ન થયેલા જેણે વિપરીત તર્કરૂપ અંધકારથી ઢંકાયેલાનો પ્રકાશ કર્યો છે (સૂર્યની જેમ).

શ્રીગુસાંઈજીએ સૌ સ્વભક્તોને અજ્ઞાનરૂપી અંધકારથી ઘેરાયેલા જોયા. આથી તે બધા વસ્તુતત્ત્વને યથાર્થ રીતે જાણતા ન હતા.

શ્રી ગુસાંઈજી સ્વભક્તો પર પ્રસન્ન થવાના સ્વભાવવાળા છે. આથી આપે વિતર્ક-વિપરીત તર્ક રૂપ અંધકારથી ઢંકાયેલા વસ્તુતત્ત્વનો યથાર્થ પ્રકાશ કર્યો.

શ્રી હરિરાયચરણો સૌ સ્વભક્તોને આજ્ઞા કરે છે કે પ્રાતઃકાળમાં શ્રીવિઠ્ઠલવરના ચરણ યુગલને સ્મરવા. આપશ્રીના ચરણ કમલ સર્વ અભીષ્ટ

પદાર્થો - પુરૂષાર્થોને સિદ્ધ કરનારા છે.

પ્રાતઃ – પ્રાતઃકાળથી ભક્તના દિવસની શરૂઆત થાય છે. આમ માનવીની જેમ જ આ શરૂઆત છે પણ શ્રીવિઠ્ઠલના સૌ સ્વભક્તોએ પ્રાતઃકાળને વિલક્ષણ રીતે વધાવવાનો છે.

રાત્રિના સમયે નિદ્રામાં સર્યા. બીજા દિવસે સવારે જગાશે કે નહીં તે નિશ્ચિતતાથી કહી શકાતું નથી. જાગ્યા તે પ્રભુ અને આચાર્યોની ઈચ્છા અને કૃપા છે.

સ્મરેદ્ – જીંદગીનો એક નવો દિવસ અને નવું જીવન પ્રાપ્ત થયા. ભગવાન શ્રીવિઠ્ઠલવરનો આ અનુગ્રહ છે. આવા ગુરુ માટે ઉઠીને તરત તો શું કરી શકીએ ? આથી સ્મરણ કરવું. નવધા ભક્તિપૈકી ત્રીજી સ્મરણ ભક્તિ છે.

ખરેખરતો શ્રીમદ્ પ્રભુચરણોનું વિસ્મરણ સ્વભક્તો માટે મરણ રૂપ છે. સ્વભક્તો દ્વારા થતું આપશ્રીનું સ્મરણ મરણને અટકાવનારું છે.

ભગવતો વર વિઠ્ઠલસ્ય પાદારવિંદ યુગલં – સ્મરણ શ્રી વિઠ્ઠલ અને આપશ્રીના યુગલપાદારવિંદનું કરવાનું કહ્યું. આપશ્રી ભગવાન છે અને શ્રેષ્ઠપણ છે.

શ્રીગુંસાઈજી ત્રણ સ્વરૂપે બિરાજે છે. શ્રીનાથજી, શ્રીઆચાર્યજી તથા શ્રીચંદ્રાવલીજી. આથી પ્રાતઃકાળે આપશ્રીના ત્રણે સ્વરૂપોનું સ્મરણ કરવું.

(૧) શ્રીનાથજી સ્વરૂપ – આપશ્રીએ ચરણસેવા કરનારા એક સેવકને શ્રીગોવર્ધનનાથજી સ્વરૂપે દર્શન આપ્યા છે.

એકવાર આપશ્રી બર્હાપીડં શ્લોકની વ્યાખ્યા કરતા હતા. ત્રણ વૈષ્ણવોને તેમાં સમજ ન પડી. સાક્ષાત્ શ્રીગુસાંઈજી સમજાવતા હતા કે શ્રીકૃષ્ણનું સ્વરૂપ કેવું છે ? છતાં તે વૈષ્ણવોને સમજ ન પડી. ત્યારે આપે યાજ્ઞા કરી, તે વૈષ્ણવોને

શ્રીકૃષ્ણ ભટ્ટ પાસે મોકલ્યા. શ્રીકૃષ્ણ ભટ્ટે બર્હાપીડં શ્લોક શ્રીગુસાંઈજીના સ્વરૂપના આધારે સમજાવ્યો. હવે વૈષ્ણવોને સમજ પડી. આમ આપશ્રી ભગવદ્ સ્વરૂપ છે.

આ **સ્વરૂપનું સ્મરણ કેમ કરવું** તે શ્રી દયારામભાઈ સમજાવે છે :

નટવર છબિ નંદલાલની એવું ચિંતન કરે ચિત્ત માંહ્ય
મોર મુકુટ શિરતિલક કુંડળ નકવેસર ચિબુક સોહાય
સોહે કૌસ્તુભ મુક્તાવનમાલ
કિંકણી કર ગ્રહી મુરલી રસાળ
પીતાંબર કટિમેખલા સોહે
નેપુર નખશિખશું છબિ મન મોહે. સેવો શ્રીકૃષ્ણ કૃપાળ

આ સ્વરૂપ સૌંદર્યના સ્મરણથી મન પ્રભુમાં મોહિત થાય છે. પ્રભુ નૃત્ય કરનારાઓમાં શ્રેષ્ઠ છે. શિર પર મોર મોકુટ છે. ભાલ પ્રદેશ તિલક છે. કર્ણમાં કુંડળ છે. શ્રી સ્વામિનીજીએ ધરેલ નકવેસર છે. શ્રીચંદ્રાવલીજીએ ધરેલ ચિબુક છે. કંઠમાં કૌસ્તુભમણિ છે. મોતીની વનમાળા ધરી છે. કટિપર ધુધરીઓવાળો કંદોરો છે તથા શ્રી હસ્તમાં મુરલી છે. પીતાંબર ધારણ કર્યું છે. ચરણમાં નુપૂર છે.

આમ, શ્રીમસ્તકથી શ્રીચરણ સુધી શ્રીગુસાંઈજીના સ્વરૂપનું સ્મરણ કરવું.

પાદારવિંદયુગલં – આપશ્રીના યુગલ પાદારવિંદનું પણ સ્મરણ કરવું. આપના યુગલ ચરણ ભક્તકરુણાથી કોમલ છે. આપ શ્રીકૃષ્ણ રૂપે બિરાજે છે. આથી આપશ્રીના પાદારવિંદ યુગલમાં પણ ૧૬ ચિન્હો બિરાજે છે. શ્રી દયારામભાઈ તેનું વર્ણન કરે છે -

સોળ ચિન્હ પદ પંકજે, દક્ષિણે નવ, વામે સાત
સ્વસ્તિક, અષ્ટકોણ, જંબુફળ, યવ

પવિ, ધ્વજ, ઉર્ધ્વરેખા, વિખ્યાત.
ખ્યાતે અંકુશ, અંબુજ, મચ્છ, વ્યોમ
કળશ, ઈન્દ્રધનુને અર્ધ સોમ,
ત્રિકોણ, ગો પદ, ખટ્દશ ધ્યાન
નિત્ય કરે નિર્ભય પદ દાન. સેવો શ્રીકૃષ્ણ કૃપાળ

દક્ષિણ ચરણારવિંદમાં યવ, ઉર્ધ્વરેખા, અંકુશ, કમળ, વજ્ર, ધ્વજ, અષ્ટકોણ, સ્વસ્તિક, કળશ.

વામ ચરણારવિંદમાં ગોષ્પદ, જાંબુફળ, મત્સ્ય, ધનુષ્ય, ત્રિકોણ, અર્ધ ચંદ્ર, વ્યોમ.

૧. યવ - ધાન્યનો રાજા છે. યજ્ઞમાં હોમ થાય છે. શ્રી ગીતાજીમાં આજ્ઞા છે કે યજ્ઞમાં હોમાતા પદાર્થો બ્રહ્મ સ્વરૂપ છે. ભક્તોના ઘર ધાન્યથી ભરેલા રહે છે.

૨. ઉર્ધ્વ રેખા - ભક્તોનો લૌકિક-વૈદિક-આધ્યાત્મિક તથા આધિદૈવિક ઉત્કર્ષનું સૂચન કરે છે.

૩. અંકુશ - ભક્તના મન રૂપી હાથીને ભટકતું અટકાવે છે.

૪. કમળ - ભક્તના આધિભૌતિક, આધ્યાત્મિક, આધિદૈવિક તાપને શાંત કરે છે.

૫. વજ્ર (પવિ) - ભક્તના દોષો-અપરાધો રૂપી પર્વતને છેદે છે.

૬. ધ્વજ - અભય અને ઐશ્વર્યનું દાન કરે છે.

૭. અષ્ટકોણ - અષ્ટસિદ્ધિનું દાન કરે છે.

૮. સ્વસ્તિક - જીવન શુભ મંગલ કરે છે.

૯. કળશ - ભક્તિરસનું દાન કરે છે.

૧૦. ગોષ્પદ - ભવસાગર ગાયની ખરી જેવો નાનો કરે છે. જેથી સરળતાથી તરી જવાય.

૧૧. જાંબુફળ - સંપત્તિનું દાન કરે છે.

૧૨. મત્સ્ય - અનન્યતાનું દાન કરે છે.

૧૩. ધનુષ્ય - દીનતાનું દાન કરે છે.

૧૪. ત્રિકોણ - ત્રિવિધ આર્તિનું શમન કરે છે. ત્રણે લોકમાં રક્ષે છે.

૧૫. અર્ધચંદ્ર - શિવજીના મસ્તકની શોભા અર્ધચંદ્ર છે. શિવજી ભક્ત છે. આમ ભક્તના મસ્તકે ચરણ ધરે છે.

૧૬. વ્યોમ - આકાશ બ્રહ્માત્મક છે. અક્ષરબ્રહ્મ પ્રભુનું ચરણારવિંદ છે.

આવા ચરણારવિંદ યુગલનું સ્મરણ કરીએ તો શું થાય ? શ્રી દયારામભાઈ કહે છે :

એકવાર આખા જન્મમાં જો શ્રીકૃષ્ણ ચરણ સ્મરાય
તો દર્શન યમદૂતનું કદી સ્વપ્ને પણ નવ થાય
થાય જો ભાવ સહિત નિત્ય ધ્યાન
તો પછી શું કહું ભાગ્યનું માન ?
હરિ ઉર નહિ તો તપે શું થાય ?
જો છે તો કરે કષ્ટ બલાય સેવો

જીવનમાં એકવાર પણ ચરણારવિંદનું સ્મરણ થાય તો યમદૂતોનું તેડું કદીય આવતું નથી. એકવારનું ફળ જો આવું હોય તો નિત્ય પ્રાતઃકાળે સ્મરણ કરનારને કેવું અદ્‌ભૂત ફળ મળે ? આવા ભક્તો ભાગ્યશાળી બને છે. આવા સ્મરણ આગળ તપ પણ નિરર્થક છે.

(૨) આચાર્ય સ્વરૂપ : આ સ્વરૂપ સ્મરણ આ શ્લોકથી થાય

સાયં કુજાલય સ્થાસનમુપવિલસત્ સ્વર્ણપાત્રં સુધૌતં
રાજદ્યજ્ઞો પવીતં પરિતનુવસનં ગૌરમ મ્ભોજ વક્ત્રમ્
પ્રાણાનાયમ્યનાસાપુટ નિહિત કરં, કર્ણ રાજદ્ દ્વિમુક્તં
વન્દેર્ધોન્મીલિતાક્ષં મૃગમદતિલકં વિઠ્ઠલેશં સુકેશમ્

કુંજાલયમાં શ્રીવિઠ્ઠલનાથજી આસન પર બિરાજમાન છે. સાયંકાળ છે, સન્ધ્યા વંદન કરી રહ્યા છે. આપશ્રીની સમીપમાં સારી રીતે ધોએલા સોનાના પાત્રો શોભી રહ્યા છે. આપે જનોઈ ધરી છે. અત્યન્ત સૂક્ષ્મ વસ્ત્રો ધારણ કર્યા છે. આપશ્રીનો વર્ણ ગૌર છે. કમલ જેવું મુખ છે. શ્રીકર્ણમાં વિશિષ્ટ મોતી શોભે છે. પ્રાણાયામની મુદ્રા છે તેથી બે નાસિકા પર હસ્ત મૂક્યા છે, નેત્રો અર્ધ ખુલેલા છે. કસ્તુરીનું તિલક છે. સુંદર કેશવાળા શ્રીગુસાંઈજીને હું વંદન કરું છું.

(૩) શ્રીચંદ્રાવલીજી સ્વરૂપ : ભાગવાનના દક્ષિણ (જમણા) ભાગમાં શ્રીચંદ્રાવલીજી બિરાજે છે. તે પણ દ્વિતીય સ્વામિનીજી છે. ભગવાન શૃંગાર રસરૂપ છે. તેના ઉદ્દીપન વિભાવ રૂપ આપ છે. આપ રસનું ઉદ્દીપન કરે છે. શ્યામ શ્રીકૃષ્ણ અને ગૌર શ્રી સ્વામિનીજીની પ્રીતિનું આ મૂર્તિમંત સ્વરૂપ છે.

પ્રીતિનું કથન શબ્દાત્મક છે. શબ્દ જ તેનું વર્ણન કરે છે. શ્રી મહાપ્રભુજીના વેદાંતમાં શબ્દ જ પ્રમાણ છે. શબ્દનું મૂળ વેદ છે. ''શ્રુતેસ્તુ શબ્દમૂલત્વાત્'' વેદનું મૂળ ગાયત્રી છે. ગાયત્રી બ્રહ્મરૂપા છે. ભગવદ્રૂપા છે તેથી આ સ્વામિનીજી ગાયત્રીરૂપા છે. ચંદ્રાવલીજી નામ છે. ચંદ્રમાં નિયત શ્યામ અને ગૌરકલા છે તેથી આ નામ છે. આપ સ્વામિનીજી છે, સખી નથી. પ્રભુના જમણા ભાગે બિરાજે અને પોઢે પણ જમણા હાથે. બંને સ્વામિનીજીનાં શણગાર એક સરખા થાય છે. પરકીયા ભાવવાળાં શ્રુતિ રૂપા અન્ય પૂર્વાનાં યુથમાં ચંદ્રાવલીજી મુખ્ય છે.

શ્રીવિઠ્ઠલેશચરણ કમલ પાવન ત્રૈલોક કરણ
દરશ પરસ સુંદર વર વારવાર વંદે

આપશ્રીના ચરણ કમલ સહસ્ત્ર પરિવત્સરથી તાપ અને ક્લેશનો અનુભવ કરનારા સ્વભક્તોને શીતળતા અને ભક્તિ મકરંદ રૂપી સુગંધનું દાન કરે છે.

અરવિંદ - અ-એટલે નથી. રવિં એટલે સૂર્ય. અરવિં એટલે સૂર્ય ન હોય તે અર્થાત્ અંધારું, અજ્ઞાન. તેને દ - એટલે દ્યતિ. છેદે તે અરવિંદ.

શ્રી ગિરિધરલાલ કે ચરણારવિંદ ત્રિવિધ તાપ હારી.

ભગવાન : શ્રી વિઠ્ઠલેશ ભગવાન જ છે. ભગ એટલે છ ધર્મનો સમુહ. ઐશ્વર્ય, વીર્ય, યશ, શ્રી, જ્ઞાન અને વૈરાગ્ય.

આ છ ગુણો શ્રીવિઠ્ઠલ નામમાં છે.

(૧) અન્ય કોઈ સાધનથી પ્રાપ્ત ન થાય તેવા ભગવાનની પ્રાપ્તિ કરાવવી - ઐશ્વર્ય
(૨) કર્મ, જ્ઞાન અને ઉપાસનાના માર્ગે ચાલવાથી થતા દેહદમનના ક્લેશને દૂર કરવો - વીર્ય
(૩) શ્રી ગુસાંઈજીના ઉપરના બે કાર્યો અસાધારણ છે. આથી જ આપનો યશ સર્વત્ર પ્રસિદ્ધ છે. - યશ
(૪) આપ શોભા, સુંદરતા અને શક્તિ યુક્ત છે. - શ્રી
(૫) આપનો જ્ઞાનગુણ પ્રસિદ્ધ છે. - જ્ઞાન
(૬) આપમાં લૌકિક રાગનો અભાવ છે. - વૈરાગ્ય

''તેઈ એઈ એઈ તેઈ કછુ ન સંદેહ'' આવા દર્શન શ્રી છીતસ્વામીજી પ્રભૃતિ ભક્તોને ભગવતો વર વિઠ્ઠલે કરાવ્યા છે. ઉત્તમ શ્રીવિઠ્ઠલેશના આ ત્રણ સ્વરૂપોનું અને ચરણારવિંદ યુગલનું સ્મરણ કરવું.

વિતર્ક તમસા પિહિતં સ્વભક્તં – સ્વ ભક્તો શ્રીવિઠ્ઠલવરના ચરણારવિંદ યુગલનું સ્મરણ કરે છે. આથી આપશ્રી પ્રસન્ન થાય.

ગોપાળદાસભાઈ પણ શ્રીગુસાંઈજીને શ્રીવિઠ્ઠલવર કહીને જ વંદન કરે છે. પ્રસન્ન થયેલ આપશ્રી વલ્લભાખ્યાન રૂપી દાન કરે છે. તે જ રીતે વર વિઠ્ઠલના પાદારવિંદ યુગલના સ્મરણે આપ ભક્તો પર પ્રસન્ન થયા. ભક્તો વિતર્ક રૂપી અંધકારથી ઢંકાઈ ગયા હતા. આથી તત્ત્વને યથાર્થ રીતે જોઈ શકતા ન હતા- જાણી શકતા ન હતા- માણી શકતા ન હતા.

પુષ્ટિ ભક્તોના પાંચ તત્ત્વો છે. શ્રી ગોવર્ધનનાથજી અને રાસના સ્વરૂપો, શ્રીવલ્લભ અને આપશ્રીનું કુળ, શ્રી ગોવર્ધન પર્વત, શ્રીયમુનાજી અને શ્રીવ્રજ ભૂમિ - આ તત્ત્વોનો યથાર્થ પ્રકાશ આપે કર્યો.

આ પ્રકાશ સ્વરૂપ અને નામથી કર્યો.

આપશ્રીનું નામ શ્રીવિઠ્ઠલ છે.

વિઠ્ઠલ - વિદ્ + ઠ + લ - જે જ્ઞાન શૂન્ય છે તેવા જીવોને અનુગ્રહ કરી માર્ગીય જ્ઞાનનું દાન કરે તે વિઠ્ઠલ.

‘‘અજ્ઞાનતિમિરાંધસ્ય જ્ઞાનાજનશલાકયા ।
ચક્ષુરુન્મીલિતં યેન તસ્મૈ શ્રી ગુરવે નમઃ ।।

શ્રી વિઠ્ઠલ શબ્દમાં ચાર વર્ણ (અક્ષર) છે. શ્રી + વિદ્ + ઠ + લ.

અહીં ચાર સ્વામિનીજીઓનો સંકેત છે.

શ્રી - લક્ષ્મીરૂપા શ્રીરાધિકાજી, વિદ્ - જ્ઞાનરૂપી વેદની શ્રૃતિરૂપા શ્રી ચંદ્રાવલીજી, ઠ - રાગ રહિત શૂન્ય - જેમને સંસારનો રાગ સ્પર્શ્યો નથી તેવા શ્રીકુમારીકાજી, લ - સ્વીકાર. સર્વ ભક્તોનો શ્રી ઠાકોરજી પાસે સ્વીકાર કરાવનારા શ્રીયમુનાજી. આમ ચારે પ્રકારના સ્વામિનીજીઓના ભાવનું સ્વરૂપ એટલે શ્રી વિઠ્ઠલ.

આપશ્રીનું નામ સ્વરૂપ એટલે આપશ્રીએ રચેલા ગ્રંથો. બ્રહ્મસૂત્રના ૧ ।। (દોઢ) અધ્યાય પર ભાષ્ય લખ્યું. શ્રી ટિપ્પણીજી પ્રકટ કર્યા, શ્રી યમુનાષ્ટક - શ્રી મધુરાષ્ટક વગેરે ગ્રંથો પર ટીકા લખી. વૃત્રાસૂર ચતુઃશ્લોકી પર પણ પહેલા ત્રણ શ્લોકોની ટીકા લખી - ભક્તિહંસ, ભક્તિહેતૂ નિર્ણય, શૃંગાર મંડન, વિદ્વદ્ મંડન, મંગલાર્તિ કાર્યા, વસંતની અષ્ટપદી, કીર્તનો વગેરેની રચના કરી. વ્રજચર્યાષ્ટપદી રૂપ અને નામથી આપશ્રી સૂર્ય જેમ અંધકાર દૂર કરીને પ્રકાશ કરે છે તેમ આપશ્રી પણ જગત-જીવ-જગદીશ - લીલા વગેરે તત્ત્વો જે અન્ય મતો રૂપી વિતર્કથી ઢંકાયા હતા તેનો પ્રકાશ કરે છે.

સકલાર્થસિદ્ધૌ – સકલ એટલે અભીપ્સિત પદાર્થો એટલે ભક્તિમાર્ગીય ચાર પુરુષાર્થો - ધર્મ, અર્થ, કામ અને મોક્ષ. હરિનું દાસત્વ - ધર્મ, હરિ - અર્થ, હરિ દર્શનની તીવ્ર ઈચ્છા - કામ, હરિના જ થઈ જવું મોક્ષ. આ ચારે પુરુષાર્થો સિદ્ધ થાય છે.

ચતુરાઈ તાકી સાંચી જો વલ્લભસૂતકો સ્મરણ કરે.

નિત્ય પ્રતિ ક્ષણ ક્ષણ સ્મરીએ શ્રી વલ્લભનો પરિવાર રે રસના.

આમ, પ્રાતઃકાળની આ સ્મરણ ભક્તિ સમગ્ર દિન-રાત્રિને શુભ અને મંગલ કરે છે. આ રીતે ક્ષણ ક્ષણનું રક્ષણ કરે તે વિલક્ષણ, વિચક્ષણ અને વૈષ્ણવ છે.

આગ્રાના એક ક્ષત્રાણી નામમંત્ર દીક્ષા લેવા શ્રીવિઠ્ઠલેશ પાસે આવ્યા. બહુ પ્રયત્ન કરવા છતાં તે ।। શ્રીકૃષ્ણઃ શરણં મમ ।। બોલી ન શક્યા. આખરે શ્રી ગુસાંઈજીએ પૂછ્યું મારું નામ આવડે છે ? ક્ષત્રાણીએ હા પાડી. શ્રીગુસાંઈજી પોતાનું નામ લેવા યાજ્ઞા કરી. શ્રીગુસાંઈજીની કૃપાથી તેને શ્રીગોવર્ધનનાથજીના દર્શન થવા લાગ્યા.

આપ સ્વરૂપ તથા સ્વનામથી ભક્તોના અજ્ઞાનને દૂર કરે છે.

પ્રાતઃસ્મરેન્નમન નિવૃતિદં મુરારેઃ
પૂર્ણાવતાર વર વિઠ્ઠલ પાદ પદ્મમ્ ।
માયા વિકૃત્ય ગહનં ગત બંધુ લોકે
યો વૈ સ્વમાર્ગમનયત્ કૃપયા પ્રપન્નમ્ ।।૨।।

પ્રાતઃ - પ્રાતઃ કાળમાં; સ્મરેત્ - સ્મરે; નમન નિવૃતિ-દં - નમનથી સુખ દેનારા; મુરારેઃ - મુરના શત્રુના; પૂર્ણાવતાર વર વિઠ્ઠલ પાદ પદ્મમ્ - પૂર્ણ અવતાર સ્વરૂપ સર્વશ્રેષ્ઠ શ્રીવિઠ્ઠલનાથજીના ચરણ કમલને; માયા વિકૃત્ય ગહનં - માયાના વિકારથી ગહન; ગત - બંધુ લોકે - જે લોકમાંથી બંધુઓ ચાલ્યા ગયા છે; યઃ - જેમણે; વૈ - નિશ્ચિત રીતે; સ્વમાર્ગ - પોતાના માર્ગ પ્રતિ; અનયત્ - દોર્યા; પ્રપન્નં - શરણાગતને.

ભાવાર્થ : નમનથી સુખ દેનારા, મુરારીના પૂર્ણાવતાર સ્વરૂપ સર્વશ્રેષ્ઠ શ્રીવિઠ્ઠલવરના ચરણ કમલને પ્રાતઃકાળમાં સ્મરે. આપ નિશ્ચિતપણે બંધુરહિત લોકમાં શરણાગતને માયાના વિકારોથી અગમ્ય પોતાના માર્ગ પ્રતિ દોર્યા છે.

પ્રાતઃ – પ્રાતઃકાળમાં એટલે દિનચર્યાના આરંભમાં.

સ્મરેત્ – સ્મરણ કરે. સ્મરણ દૈન્ય પૂર્વક કરવું, સ્નેહ પૂર્વક કરવું. પુષ્ટિમાર્ગમાં દૈન્ય હોવું અત્યંત જરૂરી છે. શ્રી દયારામભાઈ કહે છે, ''દીનતાના પાત્રમાં મનમણી મૂકી ભેટ ભગવંતને ધરજો''. શ્રી મહાપ્રભુજી આજ્ઞા કરે છે, ''સાધન સંપત્તિથી પ્રભુ સંતુષ્ટ થતાં નથી. ભક્તનું કેવળ દૈન્ય જ પ્રભુને સંતોષી શકે છે. નિઃસાધન થવાથી દીનતા આવે છે.

શ્રી મથુરાધીશજી કાળક્રમે શ્રીગિરિધરજી મહારાજના ઘરે પધાર્યા. છપ્પન ભોગ આરોગ્યા. મહારાજશ્રીએ પૂછ્યું કેવો લાગ્યો ? ભક્તવસ્તલ પ્રભુ કહે છે પદ્મનાભદાસના છોલા જેવો નહીં. મહારાજશ્રીની આંખમાં આંસુ આવી ગયા. ત્યારે પ્રભુએ આજ્ઞા કરે છે હવે સારો લાગ્યો.

પ્રથમ શ્લોકમાં સ્મરણ કરવાનું કહ્યું જ છે. અહીં સ્મરણ સાથે નમન કરવાનું પણ કહે છે. નામ રૂપ અને સ્વરૂપમાં ભેદ નથી. નામની પાછળ સ્વરૂપ સંકળાયું છે. સ્વરૂપ પહેલાં પ્રકટે છે, નામ પછી. પરંતુ વ્યવહારમાં નામ પાછળ સ્વરૂપ આવે. બજારમાં મિશ્રી લેવા નીકળીયે પણ દુનદારને નામ જ ન કહીયે તો ? મિશ્રીનું નામ લેતાં મિશ્રી સ્વરૂપથી આવે. આમ દીનતા યુક્ત થઈ સ્મરણ કરતાં નામથી સ્વરૂપ પ્રકટે છે. આથી જ ભગવદીયો સમજાવે છે કે ''નમામિ યમુનામહં'' બોલતાં બે હાથ જોડી મસ્તક નમાવવું જોઈએ. યમુના નામ બોલતાં શ્રીયમુનાજીનું સ્વરૂપ શ્રીવલ્લભની કૃપાથી પ્રકટ થઈ જતું હોય છે.

આમ સ્મરણ પછી નમન કરવું. આ વંદન ભક્તિ છે. આમ કરતાં શાંતિ મળે છે. સાત્ત્વિક ભાવનો મનમાં ઉદય થતાં શાંતિનો અનુભવ થાય છે. શ્રીગુસાંઈજી શ્રુતિરૂપાના મુખ્ય છે તેથી જ્ઞાનાત્મક છે. આ જ્ઞાન સાત્ત્વિક ભાવનું દાન કરે છે જે શાંતિ સુખ દે છે.

મુરારેઃ – આવા સર્વશ્રેષ્ઠ શ્રીવિઠ્ઠલનાથજી મુરના શત્રુ શ્રીકૃષ્ણના પૂર્ણાવતાર છે. મુર દૈત્ય છે. વળી તે જળમાં રહે છે. જળ - જડાત્મક છે. આથી દૈત્ય મુર દોષ રૂપ છે. શ્રીકૃષ્ણે તેને માર્યો માટે તે મુરારિ કહેવાયા. આ મુર દૈત્ય પાંચ માથાવાળો હતો. શ્રીકૃષ્ણે તે પાંચે માથા સુદર્શનથી દૂર કર્યા. પાંચ માથા પંચ પર્વા અવિદ્યા રૂપ છે. કૃષ્ણે તે અવિદ્યા દૂર કરી. શ્રી ગુસાંઈજી આવા મુરારિના પૂર્ણાવતાર છે. સત્વાદિના અધિષ્ઠાન વગર આપ પ્રકટ થયા છે. આનંદમય છે, સાકાર છે, પ્રકટ પરબ્રહ્મ છે. આથી આપ પૂર્ણાવતાર છે. આથી નિઃસાધન નિજભક્તોને પૂર્ણાનંદના પ્રદાન માટે પ્રક્ટ થાય છે. તેથી ફલ રૂપ પણ છે. સ્વભક્તોમાં રહેલી અજ્ઞાન રૂપ જડતા દૂર કરે છે. પંચપર્વા અવિદ્યા પણ દૂર કરે છે.

પ્રપનં – સ્વભક્તો તો પ્રપન્ન છે, શરણાગત છે.

ગતબંધુલોકે – આ શરણાગત જીવો અસહાય છે. નિઃસાધન છે. આ લોકમાં તેમની સહાયતા કરનારા કોઈ નથી.

માયાવિકૃત્ય ગહનં – શરણાગત જીવોમાં માયાના વિકારો છે. અહંતા-મમતા, રાગ-દ્વેષ, કામ-ક્રોધ વગેરે તેઓમાં પ્રચુર છે.

સ્વમાર્ગં અનયત્ – ઉપર દર્શાવેલા જીવોને સ્વમાર્ગ તરફ દોરે છે, પહોંચાડે છે. સ્વમાર્ગ એટલે પુષ્ટિભક્તિ માર્ગ, પ્રેમલક્ષણા ભક્તિનો માર્ગ. પ્રભુ પ્રેમથી પ્રાપ્ત થાય છે તે પુષ્ટિમાર્ગ. જે માર્ગમાં સ્વામીના સુખનો જ વિચાર છે તે પુષ્ટિભક્તિમાર્ગ. પ્રભુ પોતાના પ્રમેય (સ્વરૂપ) બલથી પ્રાપ્ત થઈ જાય તે પુષ્ટિભક્તિમાર્ગ. સારસ્વત કલ્પમાં વ્રજભક્તોએ જે પગદંડી પ્રકટ કરી હતી તે પુષ્ટિભક્તિમાર્ગ.

કટહરિયાજી જેવા લુંટારા હોય કે રસખાનજી જેવા યવનો હોય, છીતુજી જેવા માથા ભારે હોય કે ખંડન મિશ્ર જેવા પંડિતો હોય કે કબુતર-કબુતરી, હંસ-હંસલી હોય શ્રી ગુસાંઈજીએ આવા બધા દૈવી જીવોને સ્વમાર્ગ તરફ દોર્યા છે, પહોંચાડયા છે. આવા જીવોએ પુષ્ટિમાર્ગ જાણ્યો અને માણ્યો. આની પાછળનું મૂળ કારણ આપશ્રીની કૃપા. આપ કૃપાસિંધુ છે. શ્રી ભાગવતના દશમ સ્કંધમાં દામોદર લીલા પ્રસંગ છે ત્યાં પ્રભુ દોરડે બંધાયા તે કથા છે. શ્રી મહાપ્રભુજી આજ્ઞા કરે છે કે પ્રભુ કૃપાથી જ બંધાયા છે. કૃપા પ્રભુનો ધર્મ છે. ભગવાનના સર્વ અલૌકિક ધર્મો અને ધર્મી સ્વરૂપથી પણ વિશેષ બલવત્તર ભગવાનની કૃપા છે. આથી જ તે કાલ, કર્મ અને સ્વભાવની નિવર્તક છે. કૃપા આગળ આ ત્રણનું કાંઈ ચાલતું નથી. ‘‘એને કાલ કર્મ નવ બાંધેરે, જમ તે શિર ધનુષ ના સાંધે રે’’.

કૃપયા – ભગવાન નિત્ય છે તેમ તેમની કૃપા પણ નિત્ય છે.

ભગવાનની કૃપાનો છ પ્રકારે અનુભવ થાય છે (૧) રક્ષા - ભગવાનની દૃષ્ટિ જ ભક્તોની અલૌકિક રીતે રક્ષા કરે છે. (૨) કૃપા - તેના પ્રવેશથી ભક્તનું પોષણ થાય છે. ભક્ત પુષ્ટ થાય છે. (૩) પ્રવેશ - કાર્ય સિદ્ધિ માટે ભગવાન જગતના પદાર્થોમાં પ્રવેશ કરી કાર્ય સિદ્ધ કરે છે. (૪) અભિવૃદ્ધિ - ભક્તને

જરૂરી પદાર્થની વૃદ્ધિ થાય છે. (૫) સ્થિતિ (પાલન) - ભગવાનની પોષણ, ઉતિ અને મન્વંતર - ત્રણ લીલાઓ ત્રણ સ્થિતિ રૂપ છે. આખા જગતનું ભગવાન પાલન કરે છે. (૬) આશ્રય - ભગવાન સ્વયં ભક્તનો આશ્રય બને છે.

કૃપાના આ છયે સ્વરૂપો શ્રીગુસાંઈજીના ચરિત્રમાં પ્રકટ છે. ગોમતીના ગુંગા વર ગોપાલદાસજીને શ્રીવલ્લભાખ્યાનના ગાનારા કર્યા. અડીંગ ગામ પાસે ભીખ માંગતા એક અંધ બ્રહ્મણ ઉપર કૃપાદૃષ્ટિ કરી દૃષ્ટિ આપી. શ્રીનાથજીના દર્શન કરાવ્યા. શ્રીનાથજીએ તેને સેવક બનાવવા આજ્ઞા કરે. શ્રીગુસાંઈજીએ તેને બ્રહ્મસંબંધ કરાવ્યું. શ્રીવલ્લભાષ્ટક સ્તોત્ર શીખવ્યું. બ્રાહ્મણને તત્કાલ લીલાની સ્ફૂર્તિ થઈ.

નમન એટલે વંદન ભક્તિ - શ્રી દયારામભાઈ કહે છે -

નમન કર્યું નંદલાલને સ્નેહે મન કર્મ વચને જેણે
ધર્મ-સાધન પૂર્ણ સહુ કર્યા, નિશ્ચે જાણજો તેણે
તેણે કર્યું હરિપદ અનુકૂળ
દુઃખ પાપનું ટળ્યું મૂળ
દીન ભાવે કર્યું વંદન હરિને
તે જનની ગર્ભે ન આવે ફરીને.

નંદનંદનને સ્નેહથી નમન કરતાં તમામ ધર્મ, સાધનો થઈ જાય છે. કારણ પ્રભુ તે જીવને અનુકૂળ થઈ જાય છે. આથી તેના દુઃખ અને પાપ મૂળમાંથી ટળે છે. ફરી જન્મ લેવાનો નથી રહેતો. આ નમન કેવળ દેહથી જ નહીં પણ મન-વાણી અને ક્રિયાથી થયેલું હોવું જોઈએ.

એકવાર પ્રણામ કૃષ્ણને જન્મ ધરી જેણે કીધારે
અશ્વમેઘ દશ અવભૃથના ફળ પર પગ તેણે દીધારે

દશ અશ્વમેઘ યજ્ઞો પછી અવભૃથ સ્નાન કરવાનું હોય છે. આનું ફળ મોટું છે. આનાથી અનેક ગણું ફળ વંદનથી મળે છે. શ્રી ગુસાંઈજી પણ મુરારિના પૂર્ણાવતાર છે. આથી આપને કરેલ વંદન ભક્તિ પણ આ જ ફળ આપે છે.

પ્રાતર્ભજેદમલ મૂર્તિમનંત શક્તેઃ
શ્રીવિઠ્ઠલસ્ય જનતાપ હરસ્ય નિત્યમ્ ।
યો વૈ જનસ્ય શતજન્મ કૃતાપરાધં
પાદાનતસ્ય કૃપયાપનુનોદ સત્યમ્ ।।૩।।

પ્રાતઃ - પ્રાતઃ કાળમાં; ભજેત્ - ભજે; અમલ-મૂર્તિ - નિર્દોષ સ્વરૂપને; અનંતશક્તેઃ - અનંત શક્તિવાળા; શ્રીવિઠ્ઠલસ્ય - શ્રીવિઠ્ઠલના; જન તાપ હરસ્ય - જનોના તાપને હરનારા; નિત્યમ્ - નિત્ય; યઃ - જેમણે; વૈ - નિશ્ચિતપણે; જનસ્ય - જન ના; શત જન્મ કૃતાપરાધં - સેંકડો જન્મોમાં કરેલા અપરાધોને; કૃપયા - કૃપા વડે; અપનુનોદ - દૂર કરી દીધાં; સત્યં - સાચે જ.

ભાવાર્થ : શ્રીવિઠ્ઠલનાથજી અનંત શક્તિઓવાળા અને જનોના તાપને હરનારા છે. આપશ્રીના નિર્દોષ સ્વરૂપને પ્રાતઃ કાળમાં ભજવા. આપે ખરેખર પોતાના ચરણમાં નમેલા સ્વજનના સેંકડો જન્મોમાં કરેલા અપરાધોને પોતાની કૃપા વડે સાચે જ દૂર કરી દીધા છે.

પ્રાતર્ભજેત્ નિત્યમ્ – નિત્ય પ્રાતઃકાળમાં અને તેથી સર્વકાળમાં શ્રીવિઠ્ઠલનાથજીને ભજવા. સ્નેહ અને દીનતાથી ભજવા. અહીં ભજવા એટલે સેવવા.

પહેલાં શ્લોકમાં સ્મરણ કર્યું. બીજા શ્લોકમાં નમન કર્યું હવે ભજન કરવું - સેવા કરવાનું કહે છે. ભજ્ - સેવાયામ્ ધાતુ છે. એટલે ભજન અર્થાત્ સેવા. અર્થાત્ સેવન કરવું. સેવનમાં સ્વકીયતા હોય, સ્નેહ હોય, સતત પણું હોય, સાવધાની હોય, સંતાપ ભાવ હોય, સુરુચી હોય, સહજતા હોય, સેવ્યમાં સ્વામીભાવ હોય. શ્રીવિઠ્ઠલેશની સેવામાં આ બધું જરૂરી છે. આથી સ્વજનોએ સ્નેહથી અને દીનતા પૂર્વક શ્રીવિઠ્ઠલેશની સેવા કરવાની છે. આ દાસ્ય ભક્તિ પ્રકાર થયો. આ ભક્તિ માટે શ્રી દયારામભાઈ કહે છે -

દાસપણામાં સૌભાગ્ય છે પતિ પુરુષોત્તમ જેના માથે
ધણી છતે વિધવા પણું, બ્રહ્મજ્ઞાની માન્યું મન સાથે
મન સાથે માને જે હું જ ભૂપ
જગત પૂજે જાણી રાણીનું રૂપ
પણ પતિ સુખ સ્વપ્ને નહિ એને
એળે એ અથડાય છે શેને ?

પુષ્ટિભક્તો ગોપીજનોના ભાવથી પરબ્રહ્મ શ્રીકૃષ્ણને પોતાના સાચા પતિ માને છે. શ્રીગુસાંઈજી અહીં પરબ્રહ્મ સ્વરૂપે જ છે. પતિવ્રતા પત્ની પતિની સેવા-શુશ્રુષા પ્રેમથી છતાં એક દાસીની જેમ કરે છે. તેમાં પોતાનું પરમ સૌભાગ્ય સમજે છે. પતિ સેવામાં તેને આનંદ છે. આવી જ ભાવના પુરુષોત્તમ શ્રી વિઠ્ઠલેશ પ્રત્યે રાખી ભજવા જોઈએ, સેવવા જોઈએ.

અમલમૂર્તિમનંતશક્તેઃ – શ્રીવિઠ્ઠલેશ પુરુષોત્તમ પરબ્રહ્મ છે તે અહીં આપશ્રીને અમલ મૂર્તિ તથા અનંતશક્તેઃ થી કહ્યા. આપશ્રીનું સ્વરૂપ નિર્દોષ છે. બ્રહ્મને પણ શ્રી ગીતાજીમાં નિર્દોષ કહ્યું છે. શ્રી નામરત્નાખ્યમાં આપશ્રીનું ૨૧મું નામ શાન્તઃ છે. આપ શાંત છે. શાંત વ્યક્તિમાં ક્રોધ, લોભ, મોહ, મદ વગેરે દોષો હોતા નથી. આથી આપ નિર્દોષ છે. આથી આપ પરબ્રહ્મ સ્વરૂપ છે. માધવદાસ ક્ષત્રિય કાબુલમાં રહેતા હતા. શ્રી ગુસાંઈજીના સેવક હતા. શ્રી ગુસાંઈજીએ તેમને સાક્ષાત્ પૂર્ણપુરુષોત્તમ સ્વરૂપે દર્શન આપ્યાં હતાં.

આપશ્રીમાં અનંત શક્તિઓ છે. અનંત શક્તિવાળા તત્ત્વને જ લોકો પ્રણામ કરે છે. શ્રીકૃષ્ણમાં અનંત શક્તિઓ છે. તેથી જગત તેમને ગુરુ તરીકે વંદન કરે છે.

વસુદેવ સુતં દેવં કંસ ચાણુર મર્દનમ્
દેવકી પરમાનંદં કૃષ્ણં વન્દે જગદ્ગુરુમ્

શ્રીનામરત્નાખ્યમાં શ્રી ગુસાંઈજીનું ૯૬મું નામ જગદ્વંદ્ય્ પદામ્બુજઃ છે. જગતમાં આપશ્રીના ચરણકમળ પ્રણામ કરવા યોગ્ય છે.

એક વખત શ્રી ગુસાંઈજીનો મુકામ અસારવામાં હતો. બાજબહાદુર ત્યાંનો અમલદાર હતો. તેણે બાદશાહને ચાડી ખાધી કે આપના રાણી લાછાબાઈ એક ફકીર સાથે મળીને રહે છે. બાદશાહે બાજબહાદુરને જ શ્રી ગુસાંઈજી પાસે મોકલ્યો. તેણે શ્રીગુસાંઈજીના દર્શન કર્યા. તે ખૂબ પ્રભાવિત થયો. શ્રીગુસાંઈજીએ તેની સાથે યવન ભાષામાં વાત કરી આથી તે વધુ પ્રભાવિત થયો. તેણે કહ્યું, ‘‘દેશમાં બહુ મોટો દુકાળ ચાલે છે.’’ શ્રીગુસાંઈજીએ આજ્ઞા કરી, ‘‘તમે રાજ મહેલમાં પાછા જતાં ભીંજાઈ જશો.’’ શ્રીગુસાંઈજીનું આ વચન સત્ય સિદ્ધ થયું. બાજબહાદુર જેવો યવન પણ આપશ્રીને નમી પડયો.

કૃપયાપનુનોદ જનતાપહરસ્ય, જનસ્યશતજન્મકૃતાપરાધં - શ્રીવિઠ્ઠલેશ સ્વકીયો પર બે રીતે કૃપા કરે છે. - પોતાના જનોના તાપ હરે છે. પોતાના જનોના સેંકડો જન્મોના અપરાધને સાચે જ દૂર કરે છે. શ્રીનામરતનાખ્યમાં શ્રીગુસાંઈજીનું ૨૦મું નામ ભક્તશોકાપહઃ છે. તેઓ ભક્તોના શોક-તાપને દૂર કરે છે.

આગ્રામાં બ્રાહ્મણ પતિ-પત્ની હતાં. તે શ્રીગુસાંઈજીના સેવક હતા. ગુસાંઈજીએ ચાર વૈષ્ણવોને આ દંપતિ પાસે સત્સંગ કરવા મોકલ્યા. આ વૈષ્ણવોને દંપતિના આચાર જોતાં તેમનામાં દોષ બુદ્ધિ થઈ. દંપતિના માથે બિરાજમાન શ્રી ઠાકોરજી અપ્રસન્ન થયા અને તેમને દર્શન ન આપ્યા. પેલા વૈષ્ણવો ખોટું બહાનું કરી આગ્રાથી ગોકુળ પાછા આવ્યા. શ્રીગુસાંઈજી અંતર્યામી છે. આપે આ વાત જાણી વૈષ્ણવો પાછા આવ્યા ત્યારે આપ પીઠ કરીને બિરાજ્યા. મુખારવિંદના દર્શન ન આપ્યા. વૈષ્ણવોએ ઘણી વિનંતી કરી ત્યારે આપે આજ્ઞા કરી, ‘‘મેં તે દંપતીના હૃદયનો ભાવ જોવા મોકલ્યા હતા. તેમના આચાર જોવા નહિ. તમે વૈષ્ણવોનો અપરાધ કર્યો છે. આથી શ્રીઠાકોરજીએ તમને દર્શન ન આપ્યા. તમે ખોટું બોલી

નીકળી ગયા. દંપતિએ હજી પ્રસાદ નથી લીધો. તે બંને ખેદ કરે છે. આથી મને પણ ખેદ થાય છે માટે તમે પાછા જાવ. આમ, શ્રીગુસાંઈજીએ આગ્રાના દંપતીનું દુઃખ-તાપ-શોક દૂર કર્યો. વૈષ્ણવોનો થયેલ અપરાધ પણ ક્ષમા કરાવ્યો.

શ્રીનામરત્નાખ્યના ૬૫માં નામ પ્રમાણે આપશ્રી મહાપતિતપાવન છે. તેઓ મોટા મોટા પતિતોને પણ પાવન કરનારા છે. આથી પોતાના જનોનાં સેંકડો જન્મોના અપરાધને સાચે જ દૂર કરે છે.

પતિતોને મહાપાપમાંથી, દોષોમાંથી મુક્ત કરી પવિત્ર કરે છે. નરકની ગતિ વાળા મહાપાપીઓનું પણ રક્ષણ કરે છે.

એક વ્રજવાસી વૈષ્ણવની બહેન વિધવા થઈ. તે પોતાના દ્રવ્ય સાથે ભાઈના ઘરે રહેવા આવી. ભાઈને બહેનની સંપત્તિથી લોભ લાગ્યો. બેનને ઝેર આપી મારી નાંખી. તે બહેન સર્પયોનિને પામી. ગોકુળ નજીક એક ઘાટ પર રહેતી, જતાં આવતાંને કરડીને પ્રાણ લેતી. શ્રીગુસાંઈજી ત્યાં પધાર્યા. તેમના ચરણ પ્રક્ષાલનનું જળ સાપને લાગ્યું, તેને તેથી પૂર્વ જન્મનું જ્ઞાન થયું. પોતાની ફણા શ્રીગુસાંઈજીના ચરણારવિંદ પર મૂકી. શ્રીગુસાંઈજીએ તેને નામ મંત્ર આપી તેનો ઉદ્ધાર કર્યો.

પ્રાતર્નતા ભજત ભક્તજના સશિષ્યાઃ
નારાયણં નરવરં દ્વિજવિઠ્ઠલેશમ્ ।
ધર્માર્થ કામભવ મોક્ષદમંહસોડરિં
સંસાર દુઃખ શમનં ગુરુ માદિદેવમ્ ।।૪।।

પ્રાતઃ - પ્રાતઃ કાળમાં; નતાઃ - નમન કરેલા; ભજત - ભજન કરો; ભક્તજનાઃ - હે ભક્તજનો; સશિષ્યાઃ - શિષ્ય વૃન્દ સહિત; નારાયણં - નારાયણ સ્વરૂપ; નરવરં - નરોમાં શ્રેષ્ઠ; દ્વિજવિઠ્ઠલેશં - દ્વિજ રૂપે શ્રીવિઠ્ઠલનાથજીન; ધર્માર્થકામભવમોક્ષદં - ધર્મ, અર્થ, કામ, મોક્ષ દેનારા, અંહસઃ - દોષના; અરિં - શત્રુ; સંસાર દુઃખ શમનં - સંસારથી થતાં દૂઃખોના શમન રૂપ; ગુરું - ગુરુ; આદિદેવમ્ - આદિ દેવ.

ભાવાર્થ : હે ભક્તજનો શ્રી વિઠ્ઠલનાથજી નારાયણ સ્વરૂપ છે. નરશ્રેષ્ઠ છે. ધર્મ, અર્થ, કામ, મોક્ષ પદ છે. દોષના શત્રુરૂપ છે, સંસારના દુઃખોના શમન રૂપ છે. આદિ દેવ સ્વરૂપ છે. આપશ્રી દ્વિજરૂપ પોતાના શિષ્ય વૃન્દ સહિત બિરાજે છે. આવા શ્રીગુસાંઈજીને પ્રાતઃકાળમાં નમન (દીનતા)થી ભજો.

ભક્તજનાઃ – ભક્તજનોને આ સંબોધન છે. ભક્ત પાસે પ્રભુનું માહાત્મ્ય જ્ઞાન હોય છે. આ જ્ઞાનથી તેને પ્રભુમાં સર્વથી અધિક અને સુદૃઢ સ્નેહ હોય છે. ભક્તિ કરે તે ભક્ત. ભજ્ - સેવાયામ્ ધાતુને ક્તિન્ પ્રત્ય લાગે ત્યારે ભક્તિ બને. ક્તિન્ એટલે ભાવ સાથે. સંસ્કૃતમાં પ્રત્યયની મુખ્યતા હોય આથી પ્રેમ સહિત ભજન-સેવા કરે તે ભક્ત.

કોશમાં ભક્તિ શબ્દ ''ગૌણતા'' અને ''વિભાગ''ના અર્થમાં જોવા મળે છે. ભગવાનને મુખ્ય ગણી જીવ પોતાની ગૌણતા ગણી લે તે ભક્તિ છે. ભગવાન્ પોતાના સ્વામી અને પોતે ભગવાનનોદાસ.

દુનિયામાં બે વિભાગ દેખાય છે. (૧) ભગવાનનો (૨) સંસારનો. જીવ સંસારના ભાગમાં ન રહેતાં ભગવાનના ભાગમાં, ભગવાનનો થઈને રહે તે ભક્તિ છે. હે કૃષ્ણ હું તમારો છું, દાસ છું. આવી ભાવનાથી ભગવાનના ભાગમાં રહેવાય. સંસારના ભાગમાં સરી જવાય નહીં.

ક્તિન્ પ્રત્યયનો અર્થ પ્રેમ છે. ક્તિન્ પ્રત્યય સ્ત્રીલિંગમાં છે. સ્ત્રીની સ્વાભાવિક્તા વશ થવાની છે. આમ, ભગવાનને વશ રહી, પ્રેમપૂર્વક થતી સેવા ભક્તિ છે. આવી ભક્તિ જેનામાં છે તે ભક્ત આવા ભક્તોને અહીં શ્રીવિઠ્ઠલેશને ભજવાની શીખ છે.

સશિષ્યાઃ – શ્રી વિઠ્ઠલેશ શિષ્ય વૃંદ સહિત બિરાજ્યા છે. ગુરુ સ્નેહથી જેના પર શાસન કરી શકે તે શિષ્ય કહેવાય. આવા સત્સંગી શ્રોતાદિના વૃંદ સાથે શ્રીવિઠ્ઠલેશ બિરાજ્યા છે. આવા વૃંદ સહિત શ્રીવિઠ્ઠલેશને ભજવાના છે. ભગવાનની ભક્તિ તો ઘણા કરે પણ ભગવાન ભક્તની ભક્તિ કરે છે, ''ભગવાન ભક્તભક્તિમાનઃ''. ભગવાનના ભક્તની ભક્તિ કરનાર પર ભગવાન વિશેષ રૂપથી પ્રસન્ન થાય છે. આપણા માર્ગમાં આથી જ ૮૪-૨૫૨ વૈષ્ણવોની વાર્તા સાહિત્યના વાંચનને અતિ આવશ્યક માન્યું છે. ૮૪-૨૫૨ વૈષ્ણવોના ઘોળ પણ રચાયા છે.

શ્રીવિઠ્ઠલેશ સાથે આવા ભક્તજનો તરફનો આદર, સ્નેહ અને સેવા અર્ચન ભક્તિ છે. આપશ્રીના ભક્તજનોમાં શ્રીવિઠ્ઠલેશની જ ઝાંખી થાય છે. આપશ્રીના ભક્તોને અત્ર-તત્ર-સર્વત્ર શ્રીવિઠ્ઠલેશ જ વિલસતા દેખાય છે.

નારાયણં : શ્રીવિઠ્ઠલેશ નારાયણ સ્વરૂપ છે અર્થાત્ સર્વ અવતારોના મૂલરૂપ છે. સર્વ વિશ્વના મૂલરૂપ છે. સર્વના અંતર્યામી છે.

આદિ નારાયણ પુરુષાવતાર છે. તેમાંથી જ બધા અવતારો થાય છે. નિત્યલીલામાં આપ ચંદ્રાવલી સ્વરૂપ છે. આપના મુખારવિંદથી જ લલિતા વગેરે

સખીઓના પ્રાગટ્ય છે. નાર એટલે જલ. તેમાં બિરાજે તે નારાયણ. આપ પણ કૃષ્ણરસરૂપી જલમાં બિરાજે છે. શ્રીનામરત્નાખ્યનું ૫મું નામ ‘‘કૃષ્ણલીલારસાવિષ્ટ’’ આનું પ્રમાણ છે.

શ્રી ઠાકોરજીના સર્વ અલૌકિક લીલારસનો સાગર શ્રી મહાપ્રભુજીના હૃદયમાં અને રોમેરોમમાં હંમેશા પ્રગટ છે. શ્રી મહાપ્રભુજીએ પોતાનું આ અશેષ માહાત્મ્ય શ્રીગુસાંઈજી - સ્વવંશમાં સ્થાપિત કર્યું છે. આથી શ્રીમહાપ્રભુજીનું લીલારસાનુભવનું સામર્થ્ય શ્રીગુસાંઈજીમાં પણ બિરાજે છે. શ્રીગુસાંઈજી શ્રી ઠાકોરજીનું સંયોગ ધર્મી સ્વરૂપ છે. શ્રી મહાપ્રભુજીના સંબંધથી તેઓના રોમેરોમમાં શ્રીકૃષ્ણલીલારસ છે. શ્રીવલ્લભાખ્યાનમાં ગોપાળદાસજી ગાય છે, ‘‘અંગો અંગ રસભર્યા લોચન ચાર’’.

શ્રી ગુસાંઈજી બંસીબટમાં શ્રીમહાપ્રભુજીના બેઠક પાસે બિરાજતા હતા. તે વખતે વૃંદાવનના મહંતો તેમને મળવા આવ્યા. તે જ વખતે એક વેપારી અનેક ભગવત્ સ્વરૂપો લઈ શ્રીગુસાંઈજી પાસે આવ્યો. આપે તે સ્વરૂપો સામે દૃષ્ટિ કરતાં જ તે બધા સ્વરૂપો સાક્ષાત્ બની ગયા.

શ્રી નારાયણ ભગવાને તપ કર્યું છે. કલ્યાણ માટે કાયાને કસવી તે તપ. શ્રી ગુસાંઈજીએ તો શ્રીઠાકોરજીના સુખ અને વૈષ્ણવોના કલ્યાણ માટે ખૂબ શ્રમ લીધો છે.

બપોરના સમયે શ્રીઠાકોરજી સખા સાથે ખેલતા હતા. તેમને ભૂખ લાગી. શ્રી ગુસાંઈજીને ખબર પડી. આપ ભોજન સામગ્રી સિદ્ધ કરી બળતા બપોરે પ્રભુ પાસે પહોંચ્યા હતા.

નરવરં : શ્રીવિઠ્ઠલેશ નરોમાં શ્રેષ્ઠ છે. સામાન્ય રીતે નર (પુરુષ) માં શ્રેષ્ઠ રાજાને ગણે છે. શ્રી ગુસાંઈજી આવા રાજાઓથી પણ શ્રેષ્ઠ છે. શ્રી નામરત્નાખ્યમાં ૫૬મા નામ પ્રમાણે અનેક ‘‘ક્ષિતિપશ્રેણિમૂર્દ્ધસક્તપદાંબુજઃ’’.

આપશ્રીના ચરણકમલમાં અનેક રાજાઓએ તેમનાં મસ્તકો નમાવ્યા છે. રાજા માનસિંહ, ટોડરમલ, બિરબલ, આશકરણજી, રાણી દુર્ગાવતી, બુંદેલ ખંડના રાજા રામસિંહ, મેડતાના રાજા જયમલ, ગુજરાતના રાજા ભીમ વગેરે અનેક રાજાઓ સપરિવાર શ્રીગુસાંઈજીના સેવક થયા છે.

દ્વિજ વિઠ્ઠલેશં : શ્રી વિઠ્ઠલેશ દ્વિજ રૂપ છે. પ્રથમ શ્રી વલ્લભાખ્યાનમાં કહ્યું કે, ''જગતીતલ ઉદ્ધાર કરેવા પ્રગટ્યા પરમ દયાલ''. આપશ્રી પરમ દયાલ છે તેથી પૃથ્વીના તલમાં રહેલા દૈવી જીવોના ઉદ્ધાર માટે આપ પ્રગટ્યા. ''શ્રીપુરુષોત્તમ સ્વતંત્રક્રીડા લીલા દ્વિજતનુધારી''. આપશ્રી શ્રીપુરુષોત્તમ છે. સ્વતંત્ર ક્રીડા કરે છે. લીલા માત્રથી દ્વિજ બ્રાહ્મણનો દેહ ધારણ કર્યો છે. જીવોની જેમ કર્માનુસાર દેહ ધારણ નથી કર્યો. શ્રીભાગવત્ આજ્ઞા પ્રમાણે ''લીલાવતારનુરતો દેવ તિર્યઙ્ નરાદિષુ'' - દેવતા, પશુ, પક્ષી અને મનુષ્યાદિ જાતિમાં ઈચ્છામાત્રથી પ્રભુ અવતાર લે છે. દ્વિજ એટલે ચંદ્ર પણ થાય. રાસલીલામાં ભગવાનના મનોરૂપ નિષ્કલંક ચંદ્રપ્રગટ્યો. તે ઉદય-અસ્તભાવ રહિત છે. આવા દ્વિજ-ચંદ્ર જેવો દેહ શ્રીગુસાંઈજીએ ધારણ કર્યો છે. આ અલૌકિક ચંદ્ર માયાવાદરૂપ અંધકારનો નાશ કરે છે. દૈવીજીવો રૂપી ચકોર આદિને આનંદ આપે છે. લોકોપકારક શ્રૃતિ-સ્મૃતિ રૂપ અષૌધિઓનું પોષણ કરે છે. વિરહાતુર દૈવી જીવોને ભગવત્સંયોગ રૂપ અમૃતથી શીતલ કરે છે.

ધર્માર્થ કામ ભવ મોક્ષદમ્ : જીવના ચાર પુરુષાર્થો શાસ્ત્રો બતાવે છે. પ્રાયઃ દરેક જીવોના પ્રયત્નો મુખ્ય તે વસ્તુઓ માટે છે. દુઃખ દૂર કરવું, સુખની પ્રાપ્તિ કરવી, ધર્મ અને અર્થ દુઃખ દૂર કરનારા પુરુષાર્થો છે. કામ અને મોક્ષ સુખ આપનારા પુરુષાર્થો છે. પુષ્ટિ જીવો માટે ભગવાનના દાસ થવું તે ધર્મ, ભગવાન જ અર્થ, ભગવદ્ દર્શનની લાલસા તે કામ અને ભગવાનના જ સંબંધ યુક્ત થવું તે મોક્ષ.

બીજો અર્થ એ પણ થાય કે પુષ્ટિ જીવો સિવાયના લોકોના ધર્મ, અર્થ, કામ

અને મોક્ષ પુરુષાર્થો જુદા છે. આ લૌકિક-વૈદિક પુરુષાર્થોના સંસારમાંથી આપ '''દ' - દ્યતિ-ખંડયતિ'' મુક્તિ આપનારા છે.

અંહસઃ અરિં સંસાર દુઃખ શમનં : આપશ્રી સ્વભક્તજનોના દોષ-અપરાધ-પાપના નાશક-નિવારક છે. સ્વજનોના સંસાર દુઃખોને દૂર કરે છે. તે માટે આપશ્રીને કોઈ પ્રયત્ન કરવો પડતો નથી. સૂર્યોદય થતાં અંધકાર દૂર થઈ જાય છે તેમ આપશ્રીની કૃપામાત્રથી જ - સ્વરૂપબળથી જ સ્વભક્તજનોના દુઃખો દૂર થઈ જાય છે.

શ્રીનામરત્નાખ્યમાં આપશ્રીનું ૩૧મું નામ ''કર્મજાડયભિ દુષ્ણાં શુઃ'' છે. શ્રી ગુસાંઈજી કર્મ વગેરે માર્ગોમાં રહેલી જડતાને દૂર કરનારા સૂર્યરૂપ છે. પુષ્ટિમાર્ગ સિવાયના અન્ય માર્ગે ભટકતા દૈવી જીવોની આપ જડતા દૂર કરે છે. આ રીતે સ્વજનોના સંસાર દુઃખોને દૂર કરે છે.

વડનગરના વૈષ્ણવ દામોદરદાસ દૈવી જીવ હતા પણ પંડિતાઈનું અભિમાન કરતાં. વૈષ્ણવોને દુઃખી કરતાં. માયાવાદના સિદ્ધાંતો કહેતા. શ્રીગુસાંઈજીએ તેમને કૃપા કરી શરણે લીધા. ખંડન મિશ્રને મંડન મિશ્ર કર્યા.

ગુરું : શ્રી વિઠ્ઠલેશ અંગીકૃત પુષ્ટિ ભક્તોના ગુરુ છે. ભક્તોના અજ્ઞાનને દૂર કરે છે. ભગવજ્જ્ઞાનનો પ્રકાશ કરે છે. શ્રી નામરત્નાખ્ય પ્રમાણે આપ ''કૃષ્ણવર્ત્મસમુદ્ભવઃ'' છે. આપશ્રીએ શ્રીકૃષ્ણને પ્રાપ્ત કરવાના માર્ગને સુંદર રીતે પ્રકટ કર્યો છે. પુષ્ટિમાર્ગ એટલે શ્રીકૃષ્ણસંબંધી તથા શ્રીકૃષ્ણરૂપી ફળ આપનાર માર્ગ. શ્રીવિઠ્ઠલેશે આવો માર્ગ નિજભક્તોને બતાવ્યો છે. એકવાર આપશ્રી પાસે ત્રણ મનુષ્યો સેવક થવા આવ્યા. શ્રીગુસાંઈજીએ તેમને પુછ્યું, ''તમને શેનો શોખ છે ?'' એકે કહ્યું વસ્ત્રોનો. બીજાએ કહ્યું અત્તરનો. ત્રીજાએ કહ્યું મને શોખ નથી. પહેલા બે વૈષ્ણવોને કહ્યું તમને જે શોખ હોય તે તમે શ્રીઠાકોરજીને અંગીકાર કરાવી લાડ લડાવો. ત્રીજાને કહ્યું તમારું હૃદય નિરસ અને વૈરાગી છે તો તમે શ્રીઠાકોરજીને શું લાડ લડાવશો ?

૪૫મા નામ પ્રમાણે આપ ''પિતૃપ્રવર્તિતપથ પ્રચાર-સુવિચારકઃ'' છે. પિતૃચરણે પ્રવર્તાવેલ માર્ગનો વિસ્તાર કરવા માટે શ્રીગુસાંઈજી સતત વિચારશીલ છે. શ્રીમહાપ્રભુજીએ બતાવેલ સિદ્ધાંતોનું તાત્પર્ય તેઓ ઝીણવટથી વિચારે છે. તેમણે પ્રવર્તાવેલ માર્ગમાં તેમની વિશેષ પ્રીતિ છે માટે તેનો સૂક્ષ્મ વિચાર કરે છે. શ્રીમહાપ્રભુજીએ શ્રીગુસાંઈજીને આજ્ઞા કરી હતી કે તમે માર્ગના વિસ્તાર માટે સેવા પ્રણાલિકા સુદૃઢ કરી, ગ્રંથોની રચના કરો. તે પછી શ્રીગુસાંઈજીએ ગ્રંથોની રચના કરી.

આદિદેવં : શ્રીગુસાંઈજી આદિ દેવ છે. આપ સર્વના મૂલરૂપ છે, ક્રીડાપરાયણ છે, દસલીલા વિશિષ્ટ છે. આમ શ્રીકૃષ્ણ સ્વરૂપ છે. શ્રીકૃષ્ણ પ્રભુ છે. શ્રીગુસાંઈજી પણ શ્રીનામરત્નાખ્યના ૬૪માં નામ પ્રમાણે પ્રભુ છે. સર્વ સામર્થ્યવાન છે. આથી કર્તુમ્-અકર્તુમ્ અન્યથા કર્તુમ્, સર્વતંત્ર-સ્વતંત્ર છે. શ્રીગુસાંઈજીએ હતિત પતિત જેવા પ્રેતનો ઉદ્ધાર કરી નિત્યલીલામાં સ્થાન આપ્યું. આ કર્તુમ્ સ્વરૂપ છે.

શાકભાજી વેચનારી કુંજરીને આપશ્રીએ સ્વામિનીજી સહિત શ્રીનાથજીના સ્વરૂપથી દર્શન આપ્યા. કુંજરીને વિરહતાપ થયો. થોડા સમય પછી તેનો દેહ છૂટ્યો. શ્રી ગુસાંઈજીએ ધાર્યું હોત તો તે જ વખતે લીલા પ્રવેશ કરાવી શકત પણ શ્રી ગુસાંઈજીએ અકર્તુમ્ સ્વરૂપે આજ્ઞા કરી, ''આ કુંજરીને કશું બાધક નથી. તે બીજો જન્મ મહાવનમાં બ્રાહ્મણને ત્યાં લેશે પછી નિત્યલીલામાં પ્રાપ્ત થશે.''

બીરબલે શ્રીગુસાંઈજીની અનેક પ્રકારે સેવા કરી હતી પણ તેના એક જ અપરાધથી શ્રીગુસાંઈજીએ નારાજ થઈ આજ્ઞા કરી, ''હવે બિરબલ અમારા કામથી ગયો.'' આ વચન સિદ્ધ થયા. બીરબલે રાજા અકબર રચિત દીન-એ ઈલાહી ધર્મ સ્વીકાર્યો. આ શ્રીગુસાંઈજીનું અન્યથાકર્તુમ્ રૂપ છે. આવા શ્રીગુસાંઈજીને પ્રાતઃકાળે દીનતાથી ભજવા જોઈએ.

ચોથા શ્લોકમાં પ્રભુ સાથે પ્રભુભક્તો, ગુરુ સાથે શિષ્યો બિરાજ્યા છે. તે સકલને ભજવાના છે. અહીં સર્વને કરેલા અર્ચનનું વંદન છે.

અર્ચન ભક્તિ વિષે દયારામભાઈ સમજાવે છે કે -

હરિવ્યાપક લહી સર્વમાં નવ આણવો કોઈનો દોષ
મનકર્મ વચને જેમ બને તેમ કરવો સર્વને સંતોષ
સંતોષે પ્રાણી પ્રભુ પ્રસન્ન
તેથી સુખી પાંખે હરિજન
સઘળે દયા એ પૂજા પ્રભુ કેરી, દેહીને દૂભવે તે કૃષ્ણ વેરી ।

પ્રાણી માત્રમાં પરમાત્મા વ્યાપીને રહે છે. અર્થાત્ સર્વના અંતરમાં પ્રભુ બિરાજે છે. આ વાત સમજી લઈએ તો કોઈ આપણું બગાડે તો પણ એના પ્રતિ દોષ બુદ્ધિ આવશે નહિ.

આ સમજાશે તો કોઈને દુઃખ થાય તેવું કરીશું નહીં. સૌને સુખ સંતોષ આપવાનું મન થશે. એને સુખ થશે તો એના અંતરમાં બિરાજતા પ્રભુને સુખ થશે.

આમ શ્રીવિઠ્ઠલેશના શિષ્યોને સુખ થાય તેવું કરીએ તો શ્રીવિઠ્ઠલ એથી યે વિશેષ સુખ માને છે.

મન, વાણી અને ક્રિયાથી સર્વ પ્રત્યે દયાની લાગણીથી વર્તવું એ એક પ્રકારનું ભગવાનનું જ પૂજન છે. એથી ઉલટું, બીજાઓને દુઃખી કરવા એ ભગવાન સાથે શત્રુતાથી વર્તવા બરાબર છે. ભગવાનને દુઃખી કરવા જેવું છે.

પ્રાતર્જના ગદત નામ નરોત્તમસ્ય
શ્રીવિઠ્ઠલસ્ય હરિ વલ્લભ વલ્લભસ્ય ।
ઈષ્ટાર્થદં સુખ કરં મતિ માનદં ચ
સર્વાઘશોક શમનં ગદતો નરસ્ય ।।૫।।

પ્રાતઃ - પ્રાતઃ કાળમાં; જનાઃ - હે જનો; ગદત - વ્યક્ત રીત બોલનારા; નામ - નામ; નરોત્તમસ્ય - પુરુષોત્તમ; શ્રીવિઠ્ઠલસ્ય - શ્રીવિઠ્ઠલનાથજીનું; હરિવલ્લભ વલ્લભસ્ય - શ્રીહરિના પ્રિયના અત્યંત પ્રિય; ઈષ્ટાર્થદં - ઈચ્છેલ અર્થ દેનારું; સુખકરં - સુખને કરનારું; મતિ-માનદં - મતિ અને માન દેનારું; ચ - અને; સર્વાઘશોક શમનં - સર્વ પાપ-શોકના શમન રૂપ; નરસ્ય - નરનાં; ગદત - ઉચ્ચારો.

ભાવાર્થ : હે જનો ! શ્રી હરિના પ્રિયતમના પ્રિય પુરુષોત્તમ શ્રીવિઠ્ઠલનાથજીનું, ઈષ્ટઅર્થ દેનારું, સુખ કરનારું, મતિ અને માન દેનારું, બોલનારના સર્વ પાપ-શોકને શમન રૂપ નામ પ્રાતઃ કાળમાં ઉચ્ચારો.

ગદત નામ : ગદત એટલે ઉચ્ચારવું, નામ એટલે વિઠ્ઠલેશજીનું નામ. નામનો ઉચ્ચાર નિર્ભય રીતે કરવો. સ્પષ્ટ રીતે કરવો. નામ સાથે રૂપ પ્રકટ થયું છે તે સમજીને કરવો અને તેથી જ પ્રેમપૂર્વક કરવો.

નારદજી પ્રભુનું કીર્તન આ રીતે કરે છે. નારાયણનું કીર્તન નિર્ભય થઈ પ્રેમપૂર્વક સ્પષ્ટ ઉચ્ચારોથી કરે છે. સનતકુમારો પણ ''હરિઃ શરણં''નું કીર્તન સ્પષ્ટ કરે છે. શ્રી શુકદેવજી પણ શ્રી ભાગવતજીનું કીર્તન સતત, સ્પષ્ટ અને સ્નેહથી કરે છે.

નારદજી વીણાવાદન કરે છે. મર્હતી તેનું નામ છે. પ્રભુએ આપણને પણ સ્વર પેટીમાં બે તંતુઓ આપ્યા છે. જે આંદોલિત થવાથી શબ્દ નીકળે છે. આપણા બધા પાસે આ રૂપે વીણા જ છે. નારદજી, શુકદેવજી, સનત્કુમારોની જેમ આપણે પણ તે દ્વારા શ્રી વિઠ્ઠલેશના નામોનું કીર્તન કરવું જોઈએ.

શ્રીગુસાંઈજીના નામો નામરત્નાખ્ય સ્તોત્રમાં છે. આ નામો આપશ્રીના લીલા વિશિષ્ટ સ્વરૂપનું જ્ઞાન કરાવે છે. આ નામો ગોસ્વામી શ્રી રઘુનાથજી મહારાજે પ્રકટ કર્યા છે. (૧) શ્રીવિઠ્ઠલ, (૨) કૃપાસિંધુ - કૃપાના સાગર, (૩) ભક્તવશ્યઃ - ભક્તોને વશ, (૪) અતિસુંદર, (૫) કૃષ્ણલીલારસાવિષ્ટઃ - કૃષ્ણલીલાના રસથી ભરપૂર, (૬) શ્રીમાન - શોભાયુક્ત, (૭) શ્રીવલ્લભનંદનઃ - શ્રીવલ્લભના પુત્ર, (૮) દુદૃશ્યઃ - ભક્ત નથી તેવા લોકોને દુઃખ વેઠ્યા પછી પણ દર્શન આપતા નથી, (૯) ભક્તસંદૃશ્યઃ - ભક્તોને સરળતાથી દર્શન આપનારા, (૧૦) ભક્તિગમ્યઃ - ભક્તિથી જાણી શકાય છે, (૧૧) ભયાપહઃ - ભક્તોના સર્વ ભયને દૂર કરનારા છે, (૧૨) અનન્યભક્તહૃદયઃ - અનન્ય ભક્તો આપશ્રીનું હૃદય છે, (૧૩) દીનાનાથૈકસંશ્રય - દીનતાવાળા અનન્ય ભક્તોના આશ્રયરૂપ છે, (૧૪) રાજીવલોચનઃ - કમળ જેવા નેત્રોવાળા, (૧૫) રાસલીલા રસ મહોદધિઃ - રાસલીલા રૂપી રસના મહાસાગર, (૧૬) ધર્મસેતુઃ - ધર્મના સેતુરૂપ, ધર્મના પાલક, (૧૭) ભક્તિસેતુઃ - ભક્તિના સેતુરૂપ, પાલક, (૧૮) સુખસેવ્યઃ - ભક્તો દ્વારા સુખથી સેવાય છે, (૧૯) વ્રજેશ્વરઃ - વ્રજના ઈશ્વર, (૨૦) ભક્તશોકાપહઃ - ભક્તોના શોકને દૂર કરનાર, (૨૧) શાન્તઃ - શાંત છે, (૨૨) સર્વજ્ઞઃ - સર્વ કંઈ જાણનારા, (૨૩) સર્વકામદઃ - ભક્તોની સર્વ ઈચ્છાઓને પૂરી કરનારા, (૨૪) રુકિમણી રમણઃ - શ્રીરુકિમણીજીના પતિ, (૨૫) શ્રીશઃ - શ્રીના ઈશ (પતિ), (૨૬) ભક્ત રત્ન પરીક્ષકઃ - ભક્તરત્નોના પરીક્ષક, (૨૭) ભક્તરક્ષૈકદક્ષઃ - ભક્તોનું રક્ષણ કરવામાં પ્રવીણ, (૨૮) શ્રીકૃષ્ણભક્તિ પ્રવર્તકઃ - શ્રીકૃષ્ણની ભક્તિ ફેલાવનારા, (૨૯) મહાસુરતિરસ્કર્તા - મોટા આસુરી લોકોનો તિરસ્કાર કરનારા, (૩૦) સર્વશાસ્ત્ર વિદગ્રણીઃ - સર્વ શાસ્ત્રો જાણનારાઓમાં અગ્રણી, (૩૧) કર્મ જાડ્યર્ય ભિદુષ્ણાંશુઃ - કર્મ માર્ગોની જડતા દૂર કરનારા સૂર્ય, (૩૨) ભક્તનેત્રસુધાકરઃ - ભક્તોના નેત્રોનાં ચંદ્ર, (૩૩) મહાલક્ષ્મી ગર્ભરત્નમ્ - શ્રીમહાલક્ષ્મીજીના ગર્ભમાંથી પ્રકટ થયેલ રત્નરૂપ, (૩૪) કૃષ્ણવર્ત્મસમુદ્ભવઃ - શ્રીકૃષ્ણને પ્રાપ્ત કરવાના

માર્ગને પ્રકટ કરનારા, (૩૫) ભક્તચિંતામણી - ભક્તોના ચિંતામણી, (૩૬) ભક્તિકલ્પદ્રુમનવાંકુરઃ - ભક્તિરૂપી કલ્પવૃક્ષના નવા અંકુર રૂપ, (૩૭) શ્રીગોકુલકૃતાવાસઃ - શ્રી ગોકુળમાં વાસ કરનાર, (૩૮) કાલિંદીપુલિન પ્રિયઃ - કાલિંદીજીનો તટ આપને પ્રિય છે, (૩૯) ગોવર્ધનાગમરતઃ - શ્રી ગોવર્ધનમાં આવવા ઉત્સુક, (૪૦) પ્રિયવૃંદાવનાચલઃ - શ્રી વૃંદાવન અને શ્રી ગિરિરાજજી આપને પ્રિય છે, (૪૧) ગોવર્ધનાદ્રિમખકૃદ્ - શ્રી ગોવર્ધન સંબંધી યજ્ઞ કરનારા, (૪૨) મહેન્દ્રમદભિત્ પ્રિયઃ - ઈન્દ્રના ગર્વને તોડનારા (શ્રીકૃષ્ણ) શ્રી ગુસાંઈજીને પ્રિય છે, (૪૩) કૃષ્ણ લીલૈકસર્વસ્વઃ - શ્રી કૃષ્ણની લીલા જ તેમનું સર્વસ્વ છે, (૪૪) શ્રી ભાગવત ભાવવિત્ - શ્રી ભાગવતના ભાવને જાણનારા, (૪૫) પિતૃપ્રવર્તિતપથ પ્રચાર સુવિચારકઃ - પિતૃચરણે (શ્રીમહાપ્રભુજીએ) પ્રવર્તાવેલ માર્ગનો વિસ્તાર કરવા માટે સતત વિચારશીલ, (૪૬) વ્રજેશ્વર પ્રીતિકર્તા - વ્રજના સ્વામી (શ્રીકૃષ્ણ)માં પ્રીતિ કરાવનારા, (૪૭) તન્નિમંત્રણભોજકઃ - શ્રીકૃષ્ણને ભોજન માટે (ભક્તોને ત્યાં) નિમંત્રનારા, (૪૮) બાલલીલાદિ સુપ્રીતઃ - બાલલીલામાં (શ્રીઠાકોરજીની) વિશેષ પ્રીતિવાળા, (૪૯) ગોપીસંબંધિસતક્થઃ - શ્રીગોપીજનોની લીલાઓને સારી રીતે કહેનારા, (૫૦) અતિગંભીરતાત્પર્યઃ - ગંભીર અભિપ્રાયવાળા, (૫૧) કથનીયગુણાકરઃ - આપશ્રીના ગુણો ગુણગાન કરવા લાયક છે, (૫૨) પિતૃવંશોદધિવિધુઃ - પિતાના વંશરૂપી સમુદ્રમાંથી ચંદ્રની જેમ પ્રકટ થનારા, (૫૩) સ્વાનુરૂપસુતપ્રસૂઃ - પોતાના જ સમાન પોતાના પુત્રોને પ્રકટ કરનારા, (૫૪) દિક્ચક્રવર્તિસત્કીર્તિઃ - દશે દિશામાં વ્યાપેલી કીર્તિવાળા, (૫૫) મહોજ્જવલચરિત્રવાન્ - ઘણા ઉજ્જવળ ચરિત્રવાળા, (૫૬) અનેક ક્ષિતિપશ્રેણિમૂર્દ્ધસક્ત પદામ્બુજઃ - અનેક રાજાઓની પંક્તિઓના મસ્તક ઉપર ધરેલા ચરણારવિંદવાળા, (૫૭) વિપ્રદારિદ્રદાવાગ્નિઃ - બ્રાહ્મણોની દારિદ્રતારૂપી વનના અગ્નિ, (૫૮) ભૂદેવાગ્નિપ્રપૂજકઃ - પૃથ્વી, દેવો અને અગ્નિને પૂજનારા, (૫૯) ગોબ્રાહ્મણપ્રાણરક્ષાપરઃ - ગાયો અને બ્રાહ્મણોના પ્રાણના રક્ષક, (૬૦) સત્યપરાયણઃ - સત્યપરાયણ, (૬૧) પ્રિયશ્રુતિપથઃ - વેદમાર્ગ

ઘણો પ્રિય છે, (૬૨) શશ્વન્મહામખકરઃ - હમેંશા સોમયજ્ઞો કરનારા, (૬૩) પ્રભુઃ - સર્વ સામર્થ્યવાન, (૬૪) કૃષ્ણાનુગ્રહસંલભ્યઃ - જીવને કૃષ્ણની કૃપા મેળવી આપનારા, (૬૫) મહાપતિતપાવતઃ - મોટા પતિતોને પાવન કરનાર, (૬૬) અનેકમાર્ગસંક્લિષ્ટ જીવ સ્વાસ્થ્ય પ્રદોમહાન્ - અનેક માર્ગો પર રખડતાં ક્લિષ્ટ થયેલ જીવોને સ્વસ્થતા (નિશ્ચિંતતા) આપે છે, (૬૭) નાનાભ્રમનિરાકર્તા - જુદા જુદા પ્રકારના ભ્રમને દૂર કરે છે, (૬૮) ભક્તાજ્ઞાનભિદુત્તમઃ - ભક્તના અજ્ઞાનનને દૂર કરનાર આપ ઉત્તમ છે, (૬૯) મહાપુરુષસત્ખ્યાતિઃ - મહાપુરુષોમાં પ્રસિદ્ધ ખ્યાતિવાળા, (૭૦) મહાપુરુષવિગ્રહઃ - મહાપુરુષો માટે જ શ્રીઅંગવાળા, (૭૧) દર્શનીયતમઃ - અત્યંત સુંદર (દર્શનીય), (૭૨) વાગ્મી - યુક્તિ અને કૌશલ્યયુક્ત વાણીવાળા, (૭૩) માયાવાદિનિરાસકૃત્ - માયાવાદને નિરુત્તર કરનારા, (૭૪) સદા પ્રસન્નવદનઃ - સદા પ્રસન્ન મુખારવિંદવાળા, (૭૫) મુગ્ધસ્મિતમુખામ્બુજઃ - સુંદર હાસ્ય યુક્ત મુખકમળવાળા, (૭૬) પ્રેમાદ્રદ્દગવિશાલાક્ષઃ - પ્રેમભીની દૃષ્ટિ યુક્ત વિશાળ નેત્રોવાળા, (૭૭) ક્ષિતિમંડલ મંડનઃ - પૃથ્વીના આભૂષણરૂપ (૭૮) ત્રિજગદ્વ્યાપિસત્કીર્તિધવલીકૃત મેચકઃ - ત્રણેય લોકમાં વ્યાપેલી પોતાની સત્કીર્તિથી પાપી જીવોને પવિત્ર કરનારા, (૭૯) વાકસુધાકૃષ્ટ ભક્તનાન્તઃ કરણઃ - વચનામૃતથી ભક્તોના અંતઃકરણને વશ કરનારા, (૮૦) શત્રુ તાપનઃ - શત્રુઓને તપાવનારા, (૮૧) ભક્તસંપ્રાર્થિત કરઃ - ભક્તે માંગેલુ સિદ્ધ કરનારા, (૮૨) દાસદાસીપ્તિસતપ્રદઃ - દાસ દાસીઓએ ઈચ્છેલુ આપનારા, (૮૩) અચિંત્યમહિમામેયઃ - અચિંત્ય મહિમાવાળા, (૮૪) વિસ્મયાસ્પદ વિગ્રહઃ - વિસ્મય કારી સ્વરૂપવાળા, (૮૫) ભક્તક્લેશાસહઃ - ભક્તોનું દુઃખ સહન ન કરનારા, (૮૬) સર્વસહઃ - સર્વ કંઈ સહન કરનારા, (૮૭) ભક્તકૃતેવશઃ - ભક્તના કાર્યથી ભક્તને વશ રહેનારા, (૮૮) આચાર્યરત્ન્ - આચાર્યરત્ન, (૮૯) સર્વાનુગ્રહકૃન્મંત્રવિત્તમઃ - સર્વ જીવો પર અનુગ્રહ કરનારા, (૯૦) સર્વસ્વદાનકુશલઃ - સર્વસ્વનું દાન કરવામાં કુશળ, (૯૧) ગીતસંગીતસાગરઃ - ગીત સંગીતના સાગર, (૯૨) ગોવર્ધનાચલસખઃ

- શ્રીગિરિરાજજીમાં સદા બિરાજનારા (શ્રીનાથજી)ના સખા છે, (૯૩) ગોપ ગો ગોપિકા પ્રિયઃ - ગોપ, ગાય અને ગોપિકાઓના પ્રિય, (૯૪) ચિંતિતજ્ઞઃ - ભક્તોના મનના વિચારોને જાણનારા, (૯૫) મહાબુદ્ધિ : - મહાબુદ્ધિશાળી, (૯૬) જગદ્‌વંદ્ય પદાંબુજઃ - જગતમાં પ્રણામ કરવા યોગ્ય ચરણ કમળવાળા, (૯૭) જગદાશ્ચર્યરસકૃત્ - આસુરીજનોને આશ્ચર્યચકિત કરનારા, (૯૮) સદાકૃષ્ણકથાપ્રિયઃ - હમેંશા કૃષ્ણકથા પ્રિય છે તેવા, (૯૯) સુખોદર્કકૃતિઃ - સુખદ લીલા કરનારા, (૧૦૦) સર્વસંદેહચ્છેદદક્ષિણઃ - (ભક્તોના) સર્વ સંદેહો દૂર કરવામાં કુશળ, (૧૦૧) સ્વપક્ષપરક્ષણે દક્ષઃ - પોતાના જનોનું રક્ષણ કરવામાં ચતુર, (૧૦૨) પ્રતિપક્ષક્ષયંકરઃ - શત્રુપક્ષનો નાશ કરનારા, (૧૦૩) ગોપિકાવિરહાવિષ્ટઃ - ગોપીજનોના વિરહ રસથી વ્યાપ્ત, (૧૦૪) કૃષ્ણાત્મા - શ્રીકૃષ્ણમાં જ ચોંટેલા અંતઃકરણવાળા, (૧૦૫) સ્વસમર્પકઃ - પોતાનું સર્વસ્વ શ્રીઠાકોરજીને સમર્પિત કરનારા, (૧૦૬) નિવેદિભક્ત સર્વસ્વઃ - નિવેદિત ભક્તોનું સર્વસ્વઃ, (૧૦૭) શરણાધ્વ પ્રદર્શકઃ - શરણ માર્ગના દર્શક, (૧૦૮) શ્રીકૃષ્ણાનુગ્રહીતૈક પ્રાર્થનીય પદામ્બુજકઃ - શ્રીકૃષ્ણે અંગીકૃત કરેલા જીવો જ જેમના ચરણકમળની પ્રાર્થના કરી શકે છે.

પ્રાતઃકાળમાં શ્રીઠાકોરજીને જગાવતા પહેલાં ગવાતાં શ્રીગુસાંઈજીના પદ

શ્રીવિઠ્ઠલનાથજૂકે ચરણ શરણં । શ્રીવલ્લભનંદન કલિદુઃખખંડન પૂરણપુરુષોત્તમં ત્રયતાપ હરણં ।।૧।। સકલદુઃખદારણં ભવસિંધુ તારણં જનહિત લીલા દેહ ધરણં । કાન્હરદાસપ્રભુ સબ સુખ સાગરં ભૂતલ દઢ ભક્તિ પ્રકટ કરણં ।।૨।।

શ્રીવિઠ્ઠલનાથજી શ્રીવલ્લભનંદન છે. કલિથી થતાં દુઃખનું ખંડન કરનારા છે. પૂર્ણ પુરુષોત્તમ છે, ત્રણ પ્રકારના તાપ હરનારા છે. સકલ દુઃખોને દૂર

કરનારા છે. ભવસાગર તરાવનારા છે, પોતાના જનોના હિત માટે લીલાથી દેહ ધર્યો છે. સર્વ સુખના સાગર છે. ભૂતલ પર દૃઢભક્તિ પ્રકટ કરવા પ્રકટ્યા છે. કાન્હરદાસ કહે છે કે આવા પ્રભુચરણોના ચરણનું મને શરણ છે.

શ્રીવિઠ્ઠલેશ વિઠ્ઠલેશ વિઠ્ઠલેશ કહિરે । ઈનકે સંબંધ વિના દશ્યમાન વસ્તુમાત્ર તાકોતૂ જિયમેં કલેશ કહિ ચહિરે ।।૧।। રસના ગુણરૂપ કો નિશવાસર કર યહ સુખ નિરંતર અહાર જેસેં લહિરે । શ્રીવિઠ્ઠલેશ કે શ્રીવલ્લભકે પદકો પરાગ પાવે જહાં તિનકે તૂ દાસનકો દાસ ભયો રહિ રે ।।૨।।

શ્રીવિઠ્ઠલેશ વિઠ્ઠલેશ કહેતા રહો. આપના સંબંધ વિનાની દરેક વસ્તુમાત્ર ક્લેશ રૂપ છે. જીભે રાતદિવસ આપશ્રીના ગુણરૂપનું ગાન આહારની જેમ લેઉં જોઈએ. જ્યાં શ્રીવિઠ્ઠલેશ અને શ્રીવલ્લભના ચરણની રજ મળે ત્યાં દાસાનુદાસ બનીને રહેવું જોઈએ.

શ્રીવિઠ્ઠલેશ વિઠ્ઠલેશ રસના રટ મેરી । ગ્રંથન કો યહ સાર યાહિતે હોત પાર વારવાર તોસોં કહૂં તુવ હિતકેરી ।।૧।। ચાહે જો ભલો તેરો કહ્યો વેગ માન મેરો ભજિ લેં શ્રીઘોષનાથ ધન્ય જીવન તેરી । જગનાજનકો સહાય પ્રેમપુંજ સુયશગાય અસત વાત દૂર કરો વિષયા અરુઝેરી ।।૨।।

હે રસના (જીભ) તું વિઠ્ઠલેશનું રટન કર. બધા ગ્રંથોના આ સાર છે. તારા હિતની વાત કહું છું કે આનાથી જ ભવસાગર પાર થશે. જો તારું ભલુ ચાહે તો મારું કહ્યું માન. વ્રજનાથને ભજ તો તારુ જીવન ધન્ય થશે. જનોને માટે આ જ સહાય છે. વિષયો વાળી અસત વાત છોડીને પ્રભુનો પ્રેમપુંજ સુયશ ગાવો.

જય જય જય શ્રીવલ્લભનંદ । સકલ કલા વૃંદાવનચંદ ।।૧।। વાણી વેદ ન લહે પાર । સો ઠાકુર શ્રી અક્કાજી દ્વાર ।।૨।। શેષ સહસ્રમુખ કરત ઉચ્ચાર । વ્રજજન જીવનપ્રાણ આધાર । લીલા હી ગિરિધારયો હાથ । છીતસ્વામી શ્રીવિઠ્ઠલનાથ ।।૩।।

શ્રીવલ્લભનંદનની જય હો, જય હો. આપ વૃંદાવચંદ અને સકલકલા યુક્ત છે. વેદ વર્ણન કરી શકતા નથી. અક્કાજીના ત્યાં આવા ઠાકુર પધાર્યા છે. શેષજી હજારો મુખથી આપનું ગાન કરે છે. વ્રજજનોના જીવનના પ્રાણ આધાર છે. લીલા માત્રમાં શ્રીગિરિરાજ ધર્યો છે. છીતસ્વામી કહે છે આવા શ્રીવિઠ્ઠલનાથ છે.

જય જય જય શ્રીવલ્લભનંદન । સૂરમુનિ જાકી પદરજ વંદન ।।૧।। માયાવાદ કિયે જૂ નિકંદન । નામ લિયે કાટત ભવફંદન ।।૨।। પ્રકટ પુરુષોત્તમ ચરચત ચંદન । કૃષ્ણદાસ ગાવત શ્રુતિછંદન ।।૩।।

શ્રીવલ્લભનંદનની જય હો, જય હો. દેવો, મુનિઓ અને માનવો આપની ચરણ રજને વંદન કરે છે. આપે માયાવાદને દૂર કર્યો. આપશ્રીનું નામ લેતાં જ ભવોભવના ફંદા તૂટી જાય છે. આપ ચંદન યુક્ત પ્રકટ પુરુષોત્તમ છે. કૃષ્ણદાસજી કહે છે શ્રુતિ આવા પ્રભુનું ગાન કરે છે.

શ્રીગોકુલગામકો પેંડો હી ન્યારો । મંગલરુપ સદા સુખદાયક દેખિયત તીન લોક ઉજિયાકો ।।૧।। જહાં વલ્લભસુત નિર્ભય બિરાજત ભક્તજનકે પ્રાણનપ્યારો। માધોદાસ બલ બલ પ્રતાપ બલ શ્રીવિઠ્ઠલ હમારો ।।૨।।

શ્રીગોકુલ ગામનો રસ્તો કંઈક જુદો જ છે. ત્રણ લોકને ઉજાળનાર મંગલ રૂપ ત્યાં સદા બિરાજે છે. આ સ્વરૂપ તે જ શ્રી વલ્લભસૂત જે ભક્તજનના પ્રાણ પ્યારા છે અને નિર્ભય થઈ બિરાજે છે. માધોદાસ કહે છે શ્રીવિઠ્ઠલ અમારું સર્વસ્વ છે.

ગાઉં શ્રીવલ્લભનંદનકે ગુણ લાવું સદા મન અંગ સરોજન । પાઉ પ્રેમ પ્રસાદ તતછિન લાઉં ગોપાલ ગહે ચિતચોજન ।।૧।। નવાઉં શીશ રિઝાઉં લાલ આયો શરણ યહ જો પ્રયોજન । છીતસ્વામી ગિરિધરન શ્રીવિઠ્ઠલ છબિ પર વારું કોટિ મનોજન ।।૨।।

સદા શ્રીવલ્લભનંદન - શ્રીગુસાંઈજીના ગુણ ગાયા કરું. મન સદા આપશ્રીના સ્વરૂપમાં લાગેલું રાખુ. પ્રેમ રૂપ પ્રસાદ પ્રાપ્ત કરું તેથી તે જ ક્ષણે ગોપાલના ગાનમાં ચિત્ત ચોંટેલું રહે. માથું નમાવું, લાલને રીઝાવું, આ પ્રયોજનથી હું શરણે આવ્યો છું. છીતસ્વામીજી કહે છે કે શ્રીવિઠ્ઠલ એજ ગિરિધર છે. આપશ્રીની સ્વરૂપ સુંદરતા પર કરોડો કામદેવ વારુ.

પ્રાતસમેં શ્રીવલ્લભ સુતકો ઉઠતહી રસના લીજિયે નામ । આનંદકારી પ્રભુ મંગલકારી અશુભહરણ જન પૂરણ કામ ।।૧।। યાહિ લોક પરલોક કે બંધુ કો કહિ સકે તિહારે ગુણ ગ્રામ । નંદદાસ પ્રભુ રસિક શિરોમણી રાજ કરો શ્રીગોકુલ સુખધામ ।।૨।।

સવારે ઉઠતાની સાથે જ શ્રીવલ્લભ સુતનું નામ હે રસના તું લે. આપશ્રી આનંદદેનારા છે, પ્રભુ છે, મંગલ કરે છે તે રીતે ભક્તોનું અશુભ દૂર કરી તેમની કામનાઓ પૂર્ણ કરે છે. શ્રી પ્રભુચરણો આ લોક અને પરલોકના સગા છે. આપ શ્રીના ગુણો કોણ ગાઈ શકે ? નંદદાસજીના પ્રભુ રસિકોના શિરોમણી છે. આપશ્રી ગોકુલ સુખ ધામમાં સદા બિરાજો.

પ્રાતસમે શ્રીમુખ દેખન કો સેવક જન ઠાડે સિંઘદ્વાર । જય જય જય શ્રીવલ્લભનંદન દરશન દીજે પરમ ઉદાર ।।૧।। સૌભગસીમા સુંદરતા શોભા મેઘગંભીર ગિરા મૃદુ ધાર । નિરખત નયનન મોહ્યો મન્મથ શ્રવણાન સુનત વચન અપાર ।।૨।। નયનમંગલ શ્રવણાન મંગલ યશ પુરુષોત્તમ લીલા અવતાર । જન ભગવાન પિયકુંજ વિહારી અગણિત મહિમા અગમ અપાર ।।૩।।

પ્રાતઃકાલે શ્રીવિઠ્ઠલેશના શ્રીમુખ દર્શન માટે સેવકો સિંહદ્વારે ઊભા છે. બધા જય જય જય બોલી પરમ ઉદાર શ્રીગુસાંઈજીને દરશન આપવા વિનવે છે. આપશ્રી શોભા, સુંદરતા તથા સૌભાગ્યની સીમા છે. આપશ્રીની વાણી મેઘ જેવી ધીરગંભીર છે. કામદેવ પણ નેત્રોથી જોઈ અને કાનથી વચન સાંભળી મોહ

પામ્યો. આપશ્રીના નેત્રો અને કર્ણ મંગલ છે. આપ પુરુષોત્તમ છો, લીલા માટે અવતાર ધર્યો છે. જન ભગવાનજી કહે છે - આપ અમારા પ્રિય કુંજ બિહારી છો. આપનો અગણિત મહિમા વેદ પણ પામી શકતા નથી.

પ્રાતઃ સમે શ્રીવલ્લભસુત કે વદન કમલ કો દર્શન કીજે । તીન લોક વંદિત પુરુષોત્તમ ઉપમાહિ પટતર દીજે ।।૧।। શ્રી વલ્લકુલ ઉદિત ચંદ્રમા યહ છબિ નયન ચકોર પીજે । નંદદાસ શ્રીવલ્લભસુત પર તનમનધન ન્યોછાવર કીજે ।।૨।।

પ્રાતઃ સમયે શ્રીવિઠ્ઠલેશના વદનકમળના દર્શન કરો. આપ પુરુષોત્તમ છે, ત્રણે લોક વંદે છે. તેમના જેવા બીજા કોઈ નથી, શ્રીવલ્લકુલમાં આપરૂપ ચંદ્રમાં પ્રગટ થયા છે. આ સ્વરૂપનું પાન નયનરૂપ ચકોર દ્વારા કરો. નંદદાસજી કહે છે - શ્રીવિઠ્ઠલેશ પર તન-મન-ધન ન્યોછાવર કરો.

પ્રાત સમેં શ્રીવલ્લભ સુતકો પુણ્ય પવિત્ર વિમલ યશ ગાઉં । સુંદર સુભગ વદન ગિરિધરકો નિરખ નિરખ દોઉ નૈન શિરાઉ ।।૧।। મોહન વચન મધુર શ્રીમુખકે શ્રવણ સુનિ સુનિ હૃદય વસાવું । તન-મન પ્રાણ નિવેદન યહ વિધિ અપને કો સુફલ કહાઉં ।।૨।। રહો સદા ચરણ કે આગે મહાપ્રસાદ ઉચ્છિષ્ટ હોં પાઉં । નંદદાસ પ્રભુ યહ માંગત હે શ્રી વલ્લભકુલ કો દાસ કહાઉં ।।૩।।

પ્રાતઃ સમય શ્રી ગુસાંઈજીનો પુણ્ય પવિત્ર અને વિમલ યશ ગાઉં. આપ સુંદર વદનવાળા ગિરિધર છે. આપને વારંવાર નિરખી નેત્રોને શીતળ કરું. આપશ્રીના મધુર શ્રીમુખે મોહક વચન સાંભળું, સાંભળીને હૃદયમાં વસાવું. મારા તન-મન પ્રાણ નિવેદીત કરી જન્મ સફળ કરું. સદા આપશ્રીના ચરણ પાસે રહું અને ઉચ્છિષ્ટ મહાપ્રસાદ પ્રાપ્ત કરું. નંદદાસજી માંગે છે કે સદા વલ્લભકુળનો દાસ રહું.

વિસદ સુજસ શ્રીવલ્લભ સુતકો, પ્રાતઃ ઉઠત નિત અનુદિન ગાઉં । કલિમલ હરન ચરન ચિત ધરિકે, ઉપજે પરમ સુખ દુઃખ બિસરાઉં ।।૧।। ભક્તિ ભાવ

અરૂ ભક્તિકો રસ જાને માન તિનહીંકો ધ્યાઉં । છીતસ્વામી ગિરિધારીજૂ કે સુમિરત, અષ્ટ સિદ્ધિ નવનિધિ કોં પાઉં ।।૨।।

પ્રાતઃ સમયે રોજ ઉઠીને શ્રીગુસાંઈજીનો વિસદ સુયશ ગાઉ. આપના ચરણ કલિનામલને દૂર કરે છે. આવા ચરણને ચિત્તમાં ધારણ કરું આથી પરમ સુખ ઉત્પન્ન થશે તેથી દુઃખ ભૂલાઈ જશે. આપશ્રી ભક્તિભાવ રૂપ અને ભક્તિરસ રૂપ છે. આવું માની આપશ્રીનું ધ્યાન ધરું. છીતસ્વામીજી કહે છે, ‘‘આપ જ ગિરિધારીજી છો - આપના સ્મરણથી અષ્ટ સિદ્ધિ અને નવનિધિ પ્રાપ્ત થાય છે.’’

શ્રીગુસાંઈજી રચિત મંગલ મંગલં, પ્રેંખ પર્યંક શયંન તથા હરિરિહ વ્રજયુવતી શતસંગે (અષ્ટપદી) શ્રીગુસાંઈજીનું નામાત્મક સ્વરૂપ જ કહેવાય. આ ત્રણ સંસ્કૃત ભાષામાં રચિત કીર્તનોનું અવગાહન કર્યાથી શ્રીગુસાંઈજીના નામ જ વ્યક્ત રીતે બોલાય છે.

મંગલ મંગલં.... શ્રી પરમાનંદદાસજી એકવાર ગોકુલ આવ્યા. શ્રીગુસાંઈજી અને નવનીતપ્રિયજીના દર્શન કર્યા, રાત્રી રોકાયા.

સવારે શ્રીગુસાંઈજી શ્રીનવનિતપ્રિયજીના મંદિરમાં પધાર્યા. પરમાનંદદાસજીને બોલાવ્યા, પરમાનંદદાસજી આવ્યા, શ્રીગુસાંઈજીને દંડવત્ કર્યા. શ્રીગુસાંઈજીએ કહ્યું, ‘‘શ્રીઠાકોરજીને વ્રજલીલા અત્યંત પ્રિય છે. નિત્ય વ્રજલીલા સંભળાવીએ તો પાર ન આવે. આથી એક કીર્તન કરું છું, જેમાં બધી લીલાનો અનુભવ થાય.’’ શ્રીગુસાંઈજીએ તે વખતે મંગલ મંગલં કીર્તન ગાયું અને પરમાનંદદાસજીને કહ્યું કે, ‘‘પ્રાતઃ સમય રોજ આ કીર્તન ગાવું.’’

પરમાનંદદાસજી ગોકુલથી શ્રીગિરિરાજ આવ્યા. ગોવર્ધનધરની મંગલા આરતી પહેલા મંગલ મંગલં પદ ગાયું. શ્રીગોવર્ધનધરણને ત્યાં આ ગાવાની રીત બની.

મંગલ મંગલં વ્રજભૂવિ મંગલં
મંગલ મિહ શ્રીનંદયશોદા નામ સુકીર્તન
મેત-દ્રુચિરોત્સંગ સુલાલિત પાલિત રૂપમ્ ।।૧ ।।

શ્રીઠાકોરજી વ્રજભૂમિમાં મંગલરૂપ છે. શ્રીઠાકોરજી વિશ્વના સર્વ મંગલોમાં પણ મંગલરૂપ છે.

શ્રી નંદ-યશોદાજીના નામોનું ઉચ્ચારણ કરવું તે પણ આ ભૂતલ પર મંગલ રૂપ છે. શ્રીનંદ યશોદાજીની ગોદમાં શ્રીઠાકોરજીનું લાલન-પાલન સુંદર રીતે થઈ રહ્યું છે. આ શ્રીઠાકોરજી પણ મંગલ રૂપ છે.

શ્રીશ્રીકૃષ્ણ ઇતિ શ્રુતિસારં નામ સ્વાર્ત
જનાશય તાપા-પહ-મિતિ મંગલ રાવમ્
વ્રજસુંદરી વયસ્ય સુરભી વૃંદ મૃગીગણ
નિરુપમ ભાવા મંગલ સિંધુચયાય ।।૨ ।।

શ્રી સ્વામિનીજી અને શ્રીઠાકોરજીના નામ તો સમગ્ર વેદનાં સાર ભૂત છે. વિરહાતુર નિજભક્તોનાં અંતઃકરણનો તાપ તે દૂર કરે છે માટે તેનો ધ્વનિ મંગલ રૂપ છે. શ્રીગોપીજનો, ગોવાળીયાઓ, ગાયોના ધણો, હરિણીઓના ટોળાં વેગેરના હૃદયમાં ભગવદ્ ભાવ ઉછળે છે. આ ભાવ મંગલોના સાગરોના સમૂહોને લઈ આવનાર છે.

મંગલમીષત્ સ્મિત યુત વીક્ષણ ભાષણ
મુન્નત નાસાપુટગત મુક્તાફલ ચલનમ્ ।
કોમલચલદંગુલિદલ સંગત વેણુનિનાદ
વિમોહિત વૃંદાવનભુવિ જાતાઃ ।।૩।।

શ્રીઠાકોરજીની દૃષ્ટિ મંદ હાસ્ય સહિત છે. આવી દૃષ્ટિ અને વાણી મંગલરૂપ છે. આપે ઉન્નત નાસિકા પર મોતી ધર્યું છે. આપ શ્વાસ લે છે ત્યારે મોતી ધીમે

ધીમે હાલે છે. આ સુંદરતા પણ મંગલરૂપ છે. વેણુના છેદો પર આપની કોમલ આંગળીઓ ફેરવી આપ વેણું વગાડે છે. આથી સુંદર નાદ ઉત્પન્ન થાય છે. આ નાદથી વૃંદાવનમાં જન્મેલા મનુષ્ય અને પશુપક્ષીઓ મુગ્ધ બને છે. આ બધા જ મંગલરૂપ છે.

મંગલમખિલં ગોપી શિતુ રિતિ મંથર ગતિ
વિભ્રમ મોહિત રાસ સ્થિત ગાનમ્
ત્વં જય સતતં ગોવર્ધનધર પાલય નિજદાસાન્ ।।૪।।

રાસમાં રહેલ શ્રીગોપીજનો મંદ ગતિ તથા સુંદરતાથી વિહરે છે. બધું પ્રભુનું છે, બધું અમારા સ્વામીનું છે તેવું ગાન કરે છે. આવું ગાન મંગલ રૂપ છે. હે ગોવર્ધન ધારણ કરનારા પ્રભુ આપનો જય હો જય હો.

અમે આપના દાસ છે, અમારું પાલન કરો, પાલન કરો.

પલનાનું પદ

પ્રેંખ પર્યંક શયન । ચિર વિરહ તાપહર મતિ રુચિર મીક્ષણં
પ્રકટય પ્રેમાયન ।।ધ્રુવ।।

પારણામાં પોઢેલ હે પ્રભુ ! તમે ઝુલો. લાંબા વખતના વિરહનો તાપ દૂર કરનાર, અતિ સુંદર નેત્ર, હે પ્રેમના સાગર તમે ખોલો. ।।ધ્રુવ।।

તનુતર દ્વિજ પંક્તિ મતિ લલિતાનિ
હસિતાનિ તવ વીક્ષ્ય ગાયકીનામ્ ।
ઈયદવધિ પરમે તદાશયા
સમ ભવજજીવિતં તાવકીનામ્ ।।૧ ।।

આપના દાંત અતિ નાજુક છે. તેની સુંદર હાર છે. આપનું હાસ્ય અતિ સુંદર

અને મંદ છે. ગોપીજનો આપના ગુણ ગાય છે. તેમની જીંદગીમાં આપના પ્રાકટ્ય પહેલાં કે હમણાં કેવલ આપના આ દર્શનની આશાએ ટકી રહી છે. ।।૧।।

તોકતા વપુષિ તવ રાજતે
દૃશિ તુ મદ માનિની માન હરણમ્ ।
અગ્રિમે વયસિ કિમુ ભાવિ કામેપિ
નિજ ગોપિકા ભાવ કરણમ્ ।।૨।।

હે પ્રભુ, આપના શ્રી અંગમાં બાલભાવ શોભી રહ્યો છે, પણ આપની દૃષ્ટિમાં તો કોઈ એવી અજબ શક્તિ છે કે મદભરી માનિની સ્ત્રીનું પણ મન હરી લે છે. અત્યારે આ સ્થિતિ છે તો આગળ ઉપર જાણે શું થવાનું ? કામ આખા જગતને મોહ પમાડે છે. તે પણ ગોપીઓની માફક આપની પાછળ ગાંડો થઈ જાય છે.

વ્રજ યુવતિ હૃદ્ય કનકાચલા નારોઢુ મુત્સુકં
તવ ચરણ યુગલમ્ ।।
તેન મુહુરુન્ન મનમભ્યાસમિવ નાથ
સપદિ કુરુતે મૃદુલ મૃદુલમ્ ।।૩।।

વ્રજાંગનાઓના વક્ષઃ સ્થળો સુવર્ણાચલ જેવા છે. તેના પર ચઢવા આપના બંને ચરણો આતુર છે. માટે તો અતિ કોમલ ચરણો વારંવાર ઉંચા નીચા થઈ ચઢવાનો મહાવરો કરતાં હોય તેવું લાગે છે.

અધિ-ગોરોચના તિલક મલકોદ્ ગ્રથિત
વિવિધ મણિ મુક્તાફલ વિરચિતમ્ ।
ભૂષણં રાજતે મુગ્ધતા મૃત ભર
સ્યંદિવનેન્દુ રસિતમ્ ।।૪।।

ગોરોચનનું તિલક કર્યું છે. વાળમાં જાતજાતના મણિ અને મોતીથી બનાવેલ આભૂષણ ગુંથાયા છે. પ્રભુનું મુખ ચંદ્ર જેવું છે. અમૃત સાગરને સ્રવી રહ્યું છે. આભૂષણો તે પર ખણાખણી રહ્યા છે.

ભ્રૂતટે માતૃ રચિતાંજન બિંદુ રતિશયિત
શોભયા દગ્ દોષ મપનયન્ ।
સ્મર ધનુષિ મધુ પિબન્નલિરાજ ઈવ રાજતે
પ્રણયિ સુખ મુપનયન્ ।।૫।।

મા એ લમણા પર ભવાં પાસે કાજળનું ટપકું કર્યું છે. આનાથી તમારી અત્યંત સુંદરતાને નજર લાગતી નથી. આપનું ભવુ કામના ધનુષ્ય જેવું છે. તેમાં રહેલ મધનું પાન કરતા ભમરા જેવું શોભી રહ્યું છે. આથી આપના ભક્તજનોને આનંદ થાય છે.

વચન રચનોદાર હાસ સહજ
સ્મિતામૃતચયૈરાર્તિ ભર મપનયન્ ।
પાલય સદા સ્માન સ્મદીય શ્રીવિઠ્ઠલે
નિજ દાસ્ય મુપનયન્ ।।

પ્રભુના તોતડા વચનો તેમજ ઉદાર અને મંદહાસ્ય અમૃતના પૂરો જેવું છે. તેનાથી નિજ ભક્તોની આર્તિ દૂર થાય છે. શ્રીગુસાંઈજી પ્રભુના ખાસ છે. પ્રભુએ તેમને દાસભાવનું દાન કર્યું છે. આવા પ્રભુ સદા અમારું રક્ષણ કરો.

નરોત્તમસ્ય – શ્રીવિઠ્ઠલ નરોત્તમ - પુરુષોત્તમ છે. શ્રીવિઠ્ઠલ - શ્રી એટલે સર્વસુંદર - સાકાર સ્વામિની - ચંદ્રાવલીજીના ભાવ યુક્ત અને વિઠ્ઠલ એટલે નિર્ગુણ - સગુણ ભક્તજનોને અનુગ્રહથી અંગીકાર કરી શ્રીનાથજીને સોંપનાર.

હરિ વલ્લભ વલ્લભસ્ય – શ્રી હરિના પ્રિય એટલે શ્રીમહાપ્રભુજી અને શ્રીમહાપ્રભુજીના અત્યંત પ્રિય એવા દ્વિતીય પુત્ર.

ઈષ્ટાર્થદં – શ્રીવિઠ્ઠલેશજીનું નામ ઈચ્છેલા પુરુષાર્થ - પદાર્થને દેનારૂં છે. નામરત્નાખ્યમાં આપને સર્વકામદઃ (૨૩મું નામ) કહ્યા છે. શ્રી ગુસાંઈજી ભક્તોને તેમના સર્વ ઈચ્છિત અર્થ આપે છે. બ્રહ્મા વગેરે દેવો પણ તેમની કૃપાથી વરદાન અર્થ આપે છે. બ્રહ્મા વગેરે પણ તેમની કૃપાથી વરદાન આપવાનું સામર્થ્ય ધરાવે છે. આપશ્રી સહજ રીતે અનાયાસે ભક્તોની ઈચ્છાઓ પૂરી કરે છે. આપશ્રી અંતર્યામી હોવાથી ભક્તોના હૃદયને જાણે છે. આથી ભક્તોએ ઈચ્છેલું સિદ્ધ કરે છે.

અમદાવાદના એક વણિક-કંજુસ અને લોભી હતા. તે શ્રીગુસાંઈજીના સેવક થયા. તેમણે શ્રીગુસાંઈજીને કહ્યું કે, ''મારાથી પૈસા ખર્ચાશે નહી. સેવામાં તો ખર્ચ થાય તેથી મારાથી સેવા નહીં બને. શ્રીગુસાંઈજીએ તેમને માનસીની રીત શીખવી. તે પ્રમાણે તે વણિક કરતાં. એકવાર જન્માષ્ટમી ઉત્સવમાં તે માનસીમાં ખીરની સામગ્રી સિદ્ધ કરતા હતા. ત્યારે દૂધમાં ખાંડ વધુ પડી. કંજૂસ સ્વભાવ હતો તેથી ઉપરથી ખાંડ કાઢવા લાગ્યો. તે વખતે શ્રીનાથજી પ્રકટ થયા અને તેનો હાથ પકડયો. આ સાથે વણિકનો સ્વભાવ બદલાયો.

સુખકરં – આપશ્રી ભગવત્ સંબંધી સુખને સુલભ કરી આપનારા છો. શ્રીનામરત્નાખ્ય મુજબ આપશ્રી ''સુખો દર્કકૃતિઃ'' (૯૯) છે. ભગવદ્ લીલાઓનું ફળ સુખદ છે. આવી સુખ દેનારા લીલાઓ આપ કરે છે. ભક્તો તેમની લીલાથી નિરંતર સુખ પામે છે. શ્રીગુસાંઈજી ભગવત્ સ્વરૂપ હોવાથી તેમની સર્વ લીલાઓ ભક્તોને અલૌકિક સુખનું દાન કરે છે. ભક્તોના હૃદય સદા તેમની લીલામાં લીન રહે છે. આથી ભક્તો પ્રસન્નતા અનુભવે છે.

નાગજી ભટ્ટ કેરીઓના ટોપલા લઈ શ્રીગુસાંઈજી પાસે આવ્યા. શ્રીગુસાંઈજીએ શ્રીનાથજીને તે ધરાવવા આજ્ઞા કરી. નાગજીભટ્ટે તે આજ્ઞા પાળી - શ્રીગોકુલમાં શ્રીનવનીત પ્રિયજીને પણ ધરી. પછી સાંઢણી પર સતત ત્રણ દિવસનો પ્રવાસ કરી શ્રીગુસાંઈજી પાસે આવ્યા કેરીનો રસ અને કેવી ધરી. શ્રીગુસાંઈજીએ આજ્ઞા

કરી કે શ્રીનાથજી અને શ્રીનવનીતપ્રિયજી આરોગે ત્યાં હુ પણ આરોગું છું. નાગજીભટ્ટે કહ્યું, ''આ બંને સ્વરૂપો બતાવનારા આપ છો. પછી શ્રીગુસાંઈજીએ તે સામગ્રી રસોઈમાં પધરાવી, ભોગ ધર્યો પછી આરોગ્યા. આપની આવી લીલા ભક્તો માટે સુખદ છે.

મતિ માનદં – આપશ્રીનું નામ જીવને ભગવન્મતિ અને ભગવત્સંબંધી માન આપે છે.

જીવમાં ભગવન્ મતિ આવે તે માટે તેના જુદા જુદા પ્રકારના ભ્રમ દૂર થવા જોઈએ. આથી શ્રીગુસાંઈજી શ્રીનામરત્નાખ્ય પ્રમાણે (૬૦) નાના ભ્રમ નિરાકર્તા છે. સનાતન વૈદિક ધર્મમાં કર્મ, જ્ઞાન, ઉપાસના વગેરે માર્ગો છે. આ માર્ગોના ગ્રંથો ઘણીવાર વેદથી જુદા પડે છે. આથી જીવમાં ભ્રમ થાય છે. પુષ્ટિ જીવો માટે શ્રીગુસાંઈજી પુષ્ટિમાર્ગ સ્થાપી તેમનો ભ્રમ દૂર કરી તેમને ભગવન્મતિ આપે છે.

મધ્યાહન્ સંધ્યા કરતાં શ્રીગુસાંઈજીને જોઈ ગોવિંદસ્વામીને લાગ્યુ કે આ કર્મકાંડી છે. શ્રીનવનીતપ્રિયજીની સાક્ષાત્ બાલલીલાના દર્શન ગોવિંદસ્વામીને કરાવી. તેમનો ભ્રમ દૂર કર્યો અને આજ્ઞા કરી ''ભક્તિમાર્ગ ફૂલ જેવો છે. તેના રક્ષણ માટે કર્મમાર્ગ રૂપી કાંટાની વાડ જોઈશે.''

આપશ્રી ભગવત્સંબંધી માનનું દાન જીવને કરે છે. આ પ્રકારનું માન શ્રીકૃષ્ણની કૃપા થાય તો જ મળે. શ્રીગુસાંઈજી જીવને શ્રીકૃષ્ણ કૃપા મેળવી આપે છે. તેથી જ નામરત્નાખ્યમાં આપનું નામ (૬૪) ''કૃષ્ણાનુગ્રહસંલભ્યઃ'' છે. આપશ્રી જીવનો કૃષ્ણની કૃપા પ્રાપ્ત થાય તે માટે જ અંગીકાર કરે છે. શ્રીકૃષ્ણને જીવનો સારી રીતે અંગીકાર કરવા પ્રેરે છે. જીવનું સામર્થ્ય આવી કૃપા પ્રાપ્ત કરવાનું નથી. શ્રીઠાકોરજી શ્રીવલ્લભ અને શ્રીવિઠ્ઠલને વશ છે. આથી આ બંને આચાર્યો જે જીવ પર કૃપા કરે તેને ભગવદ્ કૃપા અને તે થકી ભગવત્સંબંધી માન મળે.

રસખાનજી શ્રીજીબાવાને શોધતા વ્રજમાં શ્રીગિરિરાજ સુધી આવ્યા. પ્રભુએ દર્શન આપ્યા પણ અંગીકાર તો શ્રીગુસાંઈજી દ્વારા જ કરાવ્યો. તે માટે આપ શ્રીગોકુળ શ્રીગુસાંઈજીને કહેવા પધાર્યા પણ અંગીકાર તો શ્રીગુસાંઈજી દ્વારા જ થયો.

સર્વાઘ શોક શમનં – આપશ્રીનું નામ પાપ શોકના શમન રૂપ છે. તેથી આપ **ભક્તશોકાપઃ** છે. (૮૫) **ભક્ત ક્લેશાસહઃ** છે - ભક્તોના દુઃખ ક્લેશને આપ સહન કરતાં નથી. ભક્તોના ક્લેશને દૂર કરવા સતત ઉદ્યમનું .... આથી મુસલમાન જ્ઞાતિની કુંજરીને જળ પીવડાવી જીવાડી. શ્રીગુસાંઈજીએ તેને પોતાનામાં સાક્ષાત્ યુગલસ્વરૂપના દર્શન આપ્યા.

નરસ્ય – નરના. શ્રીગુસાંઈજીના નામ જે વ્યક્ત રીતે બોલે છે તે નર. અહીં નર એટલે પુરુષ જ એવું નથી પણ જે શ્રીગુસાંજીના નામ વ્યક્ત રીતે બોલે છે તે બધા જ નર છે. સ્ત્રીઓ પણ આ અર્થમાં નર જ છે. વાસ્તવમાં નર તો નારાયણ સાથે થઈ ગયા તે છે. પણ જે પ્રભુ પ્રાપ્તિ માટે પ્રયત્નશીલ છે તે નર જ છે.

અહીં શ્રીગુસાંઈજી માટે થતી કીર્તન ભક્તિ છે. કીર્તન ભક્તિ માટે દયારામભાઈ કહે છે -

નામ કીર્તન શ્રીકૃષ્ણનું કળિમાં સહુ સાધન તાજ
ભવસાગર તરવા તણી, સહુને એ સુખ પથ પાજ
પાજ પ્રગટ શ્રમ નહિ ઘણું સહેલું
દામ વિના ફળ થાય સહુ પહેલું
સર્વ અવસ્થામાં ને સૌ ઠોર
અધમ ઉત્તમ સૌને અધિકાર

કલિયુગમાં ભગવદ્ નામ કીર્તન શ્રેષ્ઠ સાધન છે. સંસાર સાગરને તરવા તે પૂલનું કામ કરે છે. નાવમાં બેસીએ તો દામ ચૂકવવા પડે. અહીં વિના ખર્ચે પાર

જવાય. બધે ઠેકાણે, સર્વ સ્થિતિમાં સૌ કોઈ જીવોને આ નામ કીર્તનનો અધિકાર છે.

સતયુગે જે ફળ ધ્યાનથી થાતું ત્રેતામાં યજ્ઞથી જેહ દ્વાપરે પૂજને પામતાં. સહુકળિ હરિ કીર્તને તેહ

તે થકી અધિક ફળ હરિગુણ ગાતાં
તો શું થયું તપ તીર્થમાં નાહાતાં ?
મણિ મળ્યો તે શોધે શીદ કોડી ?
વિના વિશ્વાસે મૂઢ મરે દોડી.

સત્યુગમાં જે ફળ ધ્યાનથી મળતું, ત્રેતામાં જે યજ્ઞો કરવાથી અને દ્વાપરમાં જે પૂજનથી મળતું તે ફળ કળિયુગમાં કેવળ હરિ કીર્તનથી પ્રાપ્ત થાય છે. તપ અને તીર્થ સ્નાનથી પણ અધિક ફળ અહીં છે.

કળિરૂપ અશૌચમાં કોઈ કર્મનો નહિ અધિકાર
અડે ન સૂતક નામને નિર્ભય નિત્ય કરીયે ઉચ્ચાર
ઉચ્ચાર માત્રે અભયપદ આપે
સકળ માપ સંતાપને કાપે
વેદશાસ્ત્ર સહુ પુરાણ પોકારે
તો હરિહરિ તું શે ને ઉચ્ચારે ?

કળિયુગ સૂતક જેવો છે. સૂતકમાં ધર્મ-કર્મ કરી શકાતા નથી. માત્ર ભગવત નામ લેવાની છૂટ સૂતકમાં છે. નામ એવું છે કે કોઈપણ પરિસ્થિતિ તેને અપવિત્ર કરી શકતી નથી. એટલું જ નહીં નામ અભયપદ આપે છે. પાપ સંતાપને કહે છે.

નામે અજામિલ ઉદ્ધર્યો, નામે તાર્યા શિવે બહુ પાપી
અવળે નામે વાલ્મીક તર્યો, અર્ધે ગુણિકા ગતિ આપી

આપી ગતિ ઈત્યાદિક બહુને
જેણે જેણે આશ્રય કર્યો તે સહુજી
બે અક્ષરમાં બધો ય સાર
જેણે લહ્યો તે પામ્યો પાર.

નારાયણના નામથી અજામિલનો ઉદ્ધાર થયો. શિવના નામથી પામી તર્યા. વાલ્મિકી ઋષિ મરા બોલ્યા તો પણ કામ થયું. રામને બદલે રા બોલતાં ગણિકાનો દેહ છૂટ્યો, તેની સદ્ગતિ થઈ.

શ્રીગુસાંઈજીના નામોનું કીર્તન પણ આજ રીતે જીવોને ફલકારી છે.



યઃ શ્લોક પંચકમિદં સતત પઠેચ્ચેત્
સ સ્યાત્સુખી સુવિષયી વિદુષાં વરિષ્ઠઃ ।
દેવોપદેવ ગણ-ભીતિ-હરં ચ હારં
સર્વાવતાર શમનં હરિ તોષણં ચ ।।૬।।

યઃ - જે; શ્લોક પંચકં - પાંચ શ્લોકેને; ઈદં - આ; સતતં - સતત; પઠેત્ - ઉચ્ચાર કરે; ચેત્ - જો; સઃ - તે; સ્યાત્ - થાય; સુખી - સુખી; સુવિષયી - સુંદર વિષય સેવનાર; વિદુષાં - વિદ્વાનોનો; વરિષ્ઠઃ - અત્યંત શ્રેષ્ઠ; દેવોપદેવ ગણભીતિહરં - દેવ, ઉપદેવના સમૂહથી કરાયેલ ભયને હરનારુ; ચ - અને; હારં - મનોહારી; સર્વાવતાર શમનં - સર્વ જન્મના શમનરૂપ; હરિ તોષણં - હરિનો સંતોષ કરનારું; ચ - અને.

ભાવાર્થ : આ શ્લોક પંચક, દેવ ઉપદેવના સમૂહથી કરાયેલા ભયને હરનાર, મનોહર, સર્વજન્મના સંતાપના શમનરૂપ અને શ્રીહરિને સંતુષ્ટ કરનાર છે. જે આ પાંચ શ્લોકનો સતત પાઠ કરે તે સુખી સુવિષયી અને વિદ્વાનોમાં શ્રેષ્ઠ થાય છે.

શ્રીહરિરાયચરણો આ શ્લોકમાં અહીં પંચશ્લોકી મહાત્મ્ય અને ફલ દર્શાવે છે.

યઃ – જે એટલે કે સન્નિષ્ઠ ભક્ત આ પંચશ્લોકીનો જો સતત નિરંતર અર્થાનુસંધાન પૂર્વક ઉચ્ચાર કરે તેને થતા અલૌકિક ફલનું અહીં નિરૂપણ છે.

અહીં શ્રીમહાપ્રભુજી રચિત નવરત્ન ગ્રંથના છેલ્લા નવમાં શ્લોકનું અનુસંધાન થાય છે. ''તસ્માત્ સર્વાત્મના નિત્યં શ્રીકૃષ્ણઃ શરણં મમ વદદ્ભિરેવ સતતં સ્થેયમિત્યેવ મે મતિ''.

શ્રવણાદિ ભક્તિ, આત્મનિવેદન વગેરે અશક્ય લાગે છે, તેથી સર્વ પ્રકારે નિરંતર વ્રજભક્ત સહિત (શ્રી) કૃષ્ણ મારા (શરણ) રક્ષક છે. ''શ્રીકૃષ્ણઃ શરણં મમ'' - એમ સતત બોલતા રહેવું જરૂરી છે. આ પ્રકારે શ્રીમહાપ્રભુજીની સમજ છે.

અહીં શ્રીહરિરાયચરણો પણ છેલ્લા છઠ્ઠા શ્લોકમાં પ્રાતઃસ્મરણના પાંચ શ્લોકો સતત ઉચ્ચારતા રહેવાની આજ્ઞા કરે છે. જે પુષ્ટિભક્ત છે તેના માટે આ આજ્ઞા છે. સતત ઉચ્ચારણ ચિંતન કરવાથી નિશ્ચિત પણે શ્રીગુસાંઈજીના થઈ જવાય છે.

જે જેનું ચિંતન કરે તે તેમય થઈ જાય.
હરિ ચિંતવી હરિ બને કીટ ભ્રમરને ન્યાય.

શ્રી ગુસાંઈજીના જ થઈ જઈએ તો આ પુષ્ટિમાર્ગીય મોક્ષનો પ્રકાર છે. વૃત્રાસુર ચતુઃશ્લોકીમાં શ્રીમહાપ્રભુજી મોક્ષની (પુષ્ટીમાર્ગીય) વ્યાખ્યા કરે છે ''કૃષ્ણસ્ય ચેતદ્ધ્રુવં''. આ પંચ શ્લોકીમાં જોયું કે શ્રીવિઠ્ઠલેશ, શ્રીકૃષ્ણ જ છે. શ્રીવિઠ્ઠલેશના બની જઈએ તે પણ પુષ્ટિમાર્ગીય મોક્ષ જ છે.

સુખી – આવા જીવો સુખી બને છે. તેમને લૌકિક-અલૌકિક ભગવત્સુખ મળે છે.

સુવિષયી – સુવિષયી ભગવત્સંબંધી સુંદર વિષય સેવનાર બને છે.

વિદુષાં વરિષ્ઠઃ – શ્રીવિઠ્ઠલ તેને જ્ઞાની બનાવી વિદ્વાનોમાં અત્યંત શ્રેષ્ઠ બનાવે છે. આથી તેને ભગવલ્લીલા રસનો અનુભવ થાય છે.

દેવોપદેવ ગણ-ભીતિ-હરં ચ હારં – આ શ્લોકનું માહાત્મ્ય એ છે કે બ્રહ્માદિ વગેરે દેવો, સૂર્યાદિ વગેરે ગ્રહો, ભૂત-પ્રેત-પિશાચ-રાક્ષસ વગેરે સમૂહો ભક્તને જે ભય કરાવે છે તે દૂર કરવાનું સામર્થ્ય પ્રાતઃસ્મરણમાં છે. આ સ્મરણ ભક્તોના મનને હરનારું છે.

સર્વાવતાર શમનં – સર્વ જન્મના સંતાપને શમન કરે છે

હરિ તોષણં – શ્રીહરિને પ્રસન્ન કરી છે.

।।ઈતિ શ્રીહરિરાયચરણ વિરચિતં પ્રાતઃસ્મરણ સંપૂર્ણમ્ ।।

છ શ્લોકોમાં શ્રીગુસાંઈજીના છ ધર્મો

(૧)	પ્રથમ શ્લોક	જીવોના અજ્ઞાનને દૂર કરનારો જ્ઞાનધર્મ
(૨)	દ્વિતીય શ્લોક	નિઃસાધન જીવોને સ્વમાર્ગમાં લાવનારો વીર્ય ધર્મ
(૩)	તૃતીય શ્લોક	અનંત શક્તિના મૂર્તિમંત સ્વરૂપથી કૃપા કરી અપરાધી જીવોને અપરાધ રહિત બનાવતો શ્રી ધર્મ.
(૪)	ચુતર્થ શ્લોક	ભક્તજનોને ધર્મ-અર્થ-કામ અને મોક્ષ આપવા રૂપી યશ ધર્મ.
(૫)	પંચમ શ્લોક	ભક્તોને ઈચ્છિત પદાર્થો તથા સુખ આપતો ઐશ્વર્ય ધર્મ.
(૬)	ષષ્ઠ શ્લોક	ભક્તોને સુવિષયી (કૃષ્ણમાં રતિવાળા) બનાવતો વૈરાગ્ય ધર્મ.

ભક્તોના ફલિત થતા પુરુષાર્થો

(૧)	પ્રથમ શ્લોક	પ્રાતઃકાળમાં શ્રીવિઠ્ઠલના યુગલ પદારવિંદનું સ્મરણ ભક્તોનો ધર્મ પુરુષાર્થ
(૨)	દ્વિતીય શ્લોક	અસહાય નિઃસાધન જનોને પુષ્ટિભક્તિ માર્ગમાં દોરનાર મુરારિ - પૂર્ણાવતાર - વિઠ્ઠલ - ભક્તોનો અર્થ પુરુષાર્થ.
(૩)	તૃતીય શ્લોક	પોતાના શરણાગત - આત્મનિવેદીજનોના અનેક જન્મોના અપરાધ દૂર કરનારા અનંત શક્તિ શ્રીવિઠ્ઠલ - ભક્તોનો મોક્ષ પુરુષાર્થ
(૪)	ચુતર્થ શ્લોક	નારાયણ, નરવર, ગુરુ અને આદિદેવ શ્રીવિઠ્ઠલેશ - ભક્તના ધર્મ, અર્થ, કામ અને મોક્ષ આ ચારેય પુરુષાર્થો રૂપ છે.
(૫)	પંચમ શ્લોક	હરિના પ્રિય (શ્રીવલ્લભ)ના પ્રિય પુત્ર શ્રીવિઠ્ઠલ (નરોત્તમ) પોતાના જનોને ઈષ્ટ પદાર્થ આપીને સુક કરે છે - ભક્ત માટે આ કામ પુરુષાર્થ
(૬)	ષષ્ઠ શ્લોક	ભક્તના સર્વ અવતારનું શમન અને હરિના સંતોષ - પ્રસન્નતાની પ્રાપ્તિરૂપ આ સ્તોત્રનું માહાત્મ્ય છે - ભક્ત માટે આ ભક્તિ પુરુષાર્થ છે.

	લખાયેલા પુસ્તકો	**ન્યોછાવર** **(પોસ્ટેજ ખર્ચ અલગ)**
૧.	શ્રી ગોપીનાથજી	
૨.	શ્રી પુરુષોત્તમજી લેખવાલા	અપ્રાપ્ય
૩.	વિવેક ધૈર્યાશ્રય (ગુજરાતી-અંગ્રેજી)	અપ્રાપ્ય
૪.	કૃષ્ણાશ્રય	અપ્રાપ્ય
૫.	સંપ્રદાય અને અધિકાર	૧૦/-
૬.	રસોવૈસઃ	૧૦/-
૭.	ભક્તિવર્ધિની	૧૦/-
૮.	શ્રી ગુસાંઈજી પ્રકટયા ન હોત તો ?	૧૦/-
૯.	ધન્ય ભાગ્ય જેને વ્રજમંડલ જોયું	૧૦/-
૧૦.	અય મન કરલે સહન (સૂરદાસજી)	૧૦/-
૧૧.	સિદ્ધાંત મુક્તાવલી	૧૦/-
૧૨.	કીર્તન અને પુષ્ટિમાર્ગ	૧૦/-
૧૩.	આર્તિ માટે આરતી (આં.પુ.વૈ.પ. દ્વારા પ્રકાશિત)	
૧૪.	શ્રીગિરિરાજધાર્યાષ્ટકમ્	૧૦/-
૧૫.	પંચગીત	૧૦/-
૧૬.	પ્રાતઃસ્મરણમ્	૧૦/-

આ પુસ્તકોની પ્રાપ્ત થતી ન્યોછાવર પરિષદની ભરૂચ શાખાને ભેટ સ્વરૂપે અર્પણ કરવામાં આવે છે.